

ગુરુ-કહાન બિરાજી રહ્યા સ્વર્ગપુરીમાં,
પણ વાણી એની ગૂંજી રહી ઘર-ઘરમાં.

કહાન સંવત-૫ [૪૯૯] ✻ આત્મધર્મ ✻ [અંક : ૧૧ વર્ષ : ૪૧] મે, ૧૯૮૫

# મધુરાધિપતિ ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ગુરુ-જન્મધામ ઉમરાળાની યાત્રા પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહે કહેલા ગુરુભક્તિભીના બે શબ્દ

[ તા. ૨૧-૪-૮૫ ]

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૯૬મી જન્મજયંતીનો આ મંગળ મહોત્સવ છે. 'ગુરુ-જન્મજયંતી'નો મંગળ મહોત્સવ ઊજવવા આપણે દર વર્ષે પરમ આદરણીય પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં એકઠાં થઈએ છીએ, ને ત્યાંથી તેમના જીવન સાથે સંકળાયેલા સાધનાપ્રેરક અનેક પ્રસંગોનો ચિતાર મેળવી આપણે કાંઈક કલ્યાણના પંથે વળીએ છીએ. તે ઉપરાંત પૂજ્ય ગુરુદેવની જે આ જન્મભૂમિ ઉમરાળાનગરી, ત્યાં આવીને પણ તેમના જીવન સાથે સંકળાયેલા કેટલાક પ્રસંગોની સ્મૃતિ તાજી કરીને આપણે કલ્યાણના પંથે વળીએ છીએ. આ રીતે સાધનાભૂમિનાં દર્શન એટલે કે જાણે તીર્થંકરનો દીક્ષાકલ્યાણક અને જન્મભૂમિનાં દર્શન એટલે કે જાણે તીર્થંકરનો જન્મકલ્યાણક—એ બેના ભેગા સુયોગનો લાભ જાણે કે આપણને કેમ મળતો હોય એવો આનંદ આપણે અનુભવીએ છીએ.

સુવર્ણપુરીની તો વાત જ જુદી છે! પૂજ્ય ગુરુદેવે અનેક વર્ષો ત્યાં સાધનામાં ગાળ્યાં. પણ ત્યાંથી જે અધ્યાત્મસૂર્યે આખા જગતની અંદર પ્રકાશ પાથર્યો તે અધ્યાત્મસૂર્યનું ઉદ્‌ગમન—તેનો ઉદય આ ઉમરાળારૂપી ઉદયાચલ પર્વત પર થયો હતો. તે ઉદયગિરિમાં આવીને ગુરુદેવની ભક્તિ કરવા આપણે આજે એકત્રિત થયાં છીએ. આપણે ગાઈએ છીએ ને—

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે;<br>
એ ગામ-પુરને ધન્ય છે, એ માત કુળ જ વંદ્ય છે.<br>
તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે;<br>
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.

આ ધૂલિની અંદર પૂજ્ય ગુરુદેવશ્રીએ બાલ્યાવસ્થામાં અનેક વાર પગલીઓ પાડી હતી. તેમણે અહીંની શાળામાં શિક્ષણ લીધું હતું, જૈનશાળામાં અભ્યાસ કર્યો હતો, પોતાનું વૈરાગ્યજીવન નાનપણમાં અહીં ગાળ્યું હતું—એ બધા પ્રસંગો યાદ કરી આપણે આનંદ અનુભવીએ છીએ.

[ અનુસંધાન પાનું ૨૪ ]

કહાન
સંવત-૫
વર્ષ-૪૧
અંક-૧૧
[ ૪૯૯ ]




વીર
સંવત
૨૫૧૧
A. D. 1985
MAY

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન-ગુરુ-પ્રસાદ

* આત્માથી પરદ્રવ્ય તો ભિન્ન છે જ, આત્મામાં છે જ નહિ, તેથી તે આશ્રય કરવા લાયક નથી. રાગાદિ ભાવ આત્મામાં છે પણ તે ક્ષણિક ને વિકારરૂપ હોવાથી આશ્રયયોગ્ય નથી અને નિર્મળ પર્યાય—ક્ષાયિકભાવ પણ આશ્રયયોગ્ય નથી, કેમ કે એક સમય પૂરતો અંશ હોવાથી તે પણ આશ્રય કરવા લાયક નથી. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ધ્રુવ ગુણો છે તે તો આશ્રયયોગ્ય છે ને?—કે ના, તેનો પણ આશ્રય કરવા યોગ્ય નથી, કેમકે તે પણ ગુણભેદરૂપ અંશ હોવાથી તેના લક્ષે વિકલ્પ ઊઠે છે તેથી તેનો પણ આશ્રય કરવા યોગ્ય નથી. આશ્રય કરવા યોગ્ય તો એક પરમ પારિણામિકભાવ-ત્રિકાળી ધ્રુવવસ્તુ છે તે જ એક આશ્રય કરવા લાયક છે. તેના આશ્રયથી જ સંવર-નિર્જરા-મોક્ષની નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે. તેથી એનું જ શરણ લેવા જેવું છે. તેમાં જ દૃષ્ટિ દેવા જેવી છે. તેનું જ ધ્યાન કરવું કે જેથી અનંત નિર્મળ પર્યાય ખીલી ઊઠે. એક પંચમભાવ પાવન છે, તેના જ આશ્રયથી સમ્યક્દર્શન પ્રગટ થાય છે, મુનિદશા પ્રગટ થાય છે, સુખ-શાંતિ ને વીતરાગતા પ્રગટ થાય છે અને મુક્તિ પ્રગટ થાય છે.

તા. ૩-૯-૮૦

* અખંડ એક શુદ્ધ દ્રવ્યના આશ્રય ને આલંબનથી જ શુદ્ધ, નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવરૂપ નિર્મળ પર્યાયોનું-વ્યક્ત વિભૂતિઓનું વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી. તેના ઉપર જોર હોતું નથી. જોર તો સદાય શુદ્ધ દ્રવ્ય ઉપર જ હોય છે. નિર્મળ પર્યાયોનું વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી. તેથી તેના ઉપર જોર દેવા જેવું નથી. પરમ પારિણામિકભાવ ઉપર નિરંતર જોર દે. તેના તરફ ઉપયોગ ઢળે તેમ કર.

—૦—

# અચિંતનીય આત્મસ્વરૂપનું ચિંતન

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

( સળંગ પ્રવચન નં. ૩૦ )

આ યોગસાર શાસ્ત્ર છે. ૮૦ મી ગાથા ચાલે છે. વિવિધ ગુણોથી આત્માનું સ્વરૂપ વિચારવાની વાત ચાલે છે.

દશ વિરહિત, દશથી સહિત, દશ ગુણથી સંયુક્ત,
નિશ્ચયથી જીવ જાણવો, એમ કહે જિનભૂપ. ૮૦.

નિશ્ચયથી જ્ઞાયકસ્વભાવનું ધ્યાન કરવું તે જ યથાર્થ છે, પણ જ્યારે ધ્યાનમાં જ્ઞાની ટકી ન શકે ત્યારે જુદાં-જુદાં ગુણોથી આત્માનો સ્વભાવ વિચારે તે વ્યવહાર છે.

જ્ઞાની દશગુણથી આત્માનો વિચાર કરતાં-ભેદદૃષ્ટિથી આત્માનું મનન કરતાં એમ વિચારે છે કે આ આત્મા ક્રોધવિકારથી રહિત પૃથ્વી સમાન ક્ષમાગુણધારી છે. શાસ્ત્રમાં પૃથ્વીની ઉપમા આપી છે કે જેમ પૃથ્વીને કોઈ તોડે, ખાડો પાડે, વિષ્ટા નાખે છતાં પૃથ્વી તેની સામે ક્રોધ કરતી નથી. તેમ ભગવાન આત્મા ક્ષમાગુણનો ભંડાર જ્ઞાતા-દૃષ્ટા રહે છે, ક્રોધ કરતો નથી.

આત્મા માર્દવ ધર્મધારી છે. એટલે કે નિર્માનતા-કોમળતાનો પિંડ છે, માયાના અભાવથી આત્મા ઉત્તમ આર્જવગુણધારી સરળ પરમાત્મા છે. મહા સત્યસ્વરૂપનો ધરનાર છે. લોભના અભાવથી આત્મા ઉત્તમ શૌચધર્મધારી છે, પવિત્ર છે, સંતોષ-સ્વરૂપ છે. આવા આત્મસ્વરૂપની દૃષ્ટિ કરીને તેમાં સ્થિર થવું તે જ આત્માના કલ્યાણનો ઉપાય છે.

આત્મા સંયમધર્મધારી છે તેમાં અસંયમનો અભાવ છે. સર્વ ઇચ્છાઓના અભાવસ્વરૂપ-વીતરાગસ્વરૂપમાં-શુદ્ધતામાં એકાકાર થઈને તેની તપના એટલે કે તેમાં પ્રતપન કરવું તે ઉત્તમ તપધર્મ છે. બહારનું તપ તો વ્યવહાર છે. આત્મા તો ત્રિકાળ પરમ તપસ્વી છે તેનું ધ્યાન કરવું તે ઉત્તમ તપ છે.

લોકોને ત્યાગની બહુ મહિમા હોય છે, પણ બહારની વસ્તુઓનો ત્યાગ કરવો કે પુસ્તક ઔષધ આદિ દાન દેવું તે ઉત્તમ ત્યાગ નથી. ખરો ત્યાગધર્મ તો પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થઈને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી અને અશુદ્ધતાનો ત્યાગ કરવો તે ઉત્તમ ત્યાગધર્મ છે.

મારા સ્વરૂપમાં અન્ય આત્માઓ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળનો અભાવ છે. રાગ, શરીર, વાણી, મન આદિ મારા નથી એવી અંતરમાં ભાવના કરવી તેનું નામ આકિંચનધર્મ છે. આત્મા ત્રિકાળ અપરિગ્રહવાન છે તેનું ધ્યાન કરી પર્યાયમાં અપરિગ્રહદશા પ્રગટ કરવી તે આકિંચન ધર્મ છે. આત્મા પરમ અસંગ છે તેને કોઈ અન્યનો સંગ નથી.

આ આત્મા ઉત્તમ બ્રહ્મચર્યગુણનો ધારી છે. નિરંતર પોતાના બ્રહ્મભાવમાં લીન રહે છે. ઉત્તમ બ્રહ્મસ્વરૂપ તો આત્મા અનાદિ અનંત છે જ પણ તે બ્રહ્મસ્વરૂપમાં લીન થવું તે ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ છે અને કાયાથી બ્રહ્મચર્ય પાળવું તે વ્યવહારધર્મ છે.

હે જીવ! આ રીતે તું દશલક્ષણધર્મથી તારું સ્વરૂપ વિચાર અથવા તો બીજા દશ ગુણોથી તારું સ્વરૂપ વિચાર!

આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય અને અનંત સુખ–આવા દશ વિશેષણોથી સહિત છે. પરમાત્મસ્વરૂપ છે.

એક એક ગુણની વ્યાખ્યા કરતાં મુનિરાજ કહે છે કે આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં આત્મજ્ઞ અને આત્મદર્શી છે. આમ ભેદથી આત્માનું સ્વરૂપ વિચારવું. આત્મા સર્વને જાણવા-દેખવાવાળો હોવા છતાં, છે એ આત્મજ્ઞ અને આત્મદર્શી. આત્મજ્ઞ છે તે જ સર્વજ્ઞ છે અને સર્વજ્ઞ છે તે આત્મજ્ઞ છે. એવું નથી કે સર્વજ્ઞ કહેતાં તેમાં પરનું જાણવાપણું આવ્યું માટે વ્યવહાર છે, પણ સર્વજ્ઞત્વ એ આત્માનો સ્વભાવ જ છે. જ્ઞેયની અપેક્ષાએ તેને સર્વજ્ઞ કહેવાય છે અને પોતાની અપેક્ષાએ તેને જ આત્મજ્ઞ કહેવાય છે.

શુદ્ધ સમ્યગ્દર્શનનો ધારી થઈને આત્મા નિરંતર આત્મપ્રતીતિમાં વર્તમાન છે. જ્યારે પૂર્ણસ્વરૂપની જ્ઞાની પ્રતીતિ કરે છે ત્યારે પ્રતીતમાં એમ આવે છે કે આત્મા તો ત્રિકાળ પ્રતીતમાન જ છે. વળી, સર્વ કષાયભાવોના અભાવથી આત્મા વીતરાગચારિત્રથી વિભૂષિત છે. જ્યારે વીતરાગચારિત્ર પર્યાયમાં અંશે પ્રગટ થાય ત્યારે અનુભવમાં આવે છે કે આત્મા ત્રિકાળ વીતરાગસ્વરૂપ જ છે.

અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મમાં એકાગ્ર થઈને પર્યાયમાં આનંદનું દાન દેવું તે યથાર્થ દાન છે. મુનિરાજને આહારદાન આપવું તે તો શુભરાગ છે. ખરેખર તો આત્મા એક રજકણને પણ દઈ શકતો નથી કે લઈ શકતો નથી. કારણ કે રજકણનો સ્વામી આત્મા નથી. રજકણનો ફેરફાર થવો તે તો જડની રમત છે. અનુભવપ્રકાશમાં દીપચંદજી કહે છે કે ખાવું, પીવું, દેવું–લેવું, હલન-ચલન બધી જડની ક્રિયા છે.

આ દીપચંદજી ૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં મોટા પ્રખ્યાત દિગંબર ગૃહસ્થ પંડિત હતાં. પહેલાં તો પંડિતો પણ સાધર્મી સમ્યક્જ્ઞાની હતા.

એ દીપચંદજી લખે છે કે—નર-નારકાદિ પર્યાય, સ્વર્ગના વૈભવ આદિ બધું પુદ્ગલનું નાટક છે. રાંધવું, ખાવું, પીવું, કમાવું એ બધું પુદ્ગલનો અખાડો છે, એ આત્માનું કાર્ય નથી. તેમાં હે ચિદાનંદ! તું રાચી રહ્યો છે તે તને શોભતું નથી.

જેમ સર્પ કરડે બીજાને અને ઝેર ચડે કોઈ બીજાને એમ બનવું અશક્ય છે તેમ હે ચેતન! આ ખાય-પીએ, તેલનું મર્દન કરે એ બધું કરે જડ અને તું એમ માને કે મેં ખાધું, મેં પીધું, મેં ભોગવ્યું એ શું સાચું છે?

રસ્તા ઉપર ચાલ્યો જતો માણસ રસ્તાની કે બજારની વસ્તુને પોતાની માની લે તો તે પાગલ કહેવાય તેમ આ જીવ જે ગતિમાં જાય ત્યાં જે સ્ત્રી, પુત્ર, પરિવાર, ધનાદિ હોય તેને પોતાના માની લે છે તો તે પણ પાગલ જ છે ને!

નોકર ભોજન કરે તો રાજા એમ નથી માનતો કે મારું પેટ ભરાઈ ગયું, તો તું જડના ભોજનથી તારું ભોજન માને છે એ તારી ચાલ તને જ દુઃખદાયી છે. આ બધું દીપચંદજીએ લખ્યું છે. અનુભવપ્રકાશ, ચિદ્‌વિલાસ અને આત્મઅવલોકન આ ત્રણેય પુસ્તક દીપચંદજીએ બનાવ્યા છે. શાસ્ત્રપ્રમાણથી અને અંતરદૃષ્ટિથી બહુ સરસ રચના કરી છે, પણ લોકોને અત્યારે વાંચવાની પણ ફુરસદ મળતી નથી.

અહીં યોગીન્દ્રદેવ કહે છે કે આત્મા પોતે પોતાની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું દાન આપે તેનું નામ અનંત દાન છે, નિરંતર સ્વાત્માનુભવ કરવો તે અનંત લાભ છે. પુત્ર, પૈસો કે કીર્તિ આદિની પ્રાપ્તિ થવી તે લાભ નથી પણ સ્વભાવમાંથી નિર્વિકારતા પર્યાયમાં પ્રગટ થવી તે સાચો લાભ છે.

પ્રશ્ન:—પ્રભુ! જડની ક્રિયાને આત્માની ન માનવી પણ ધર્મકાર્યમાં દાન તો દેવું કે નહિ?

ઉત્તર:—ભાઈ! દાન કોણ કોને આપી શકે? દાનનો ભાવ થાય છે, તે શુભભાવ છે પણ એ શુભભાવ થયો માટે લક્ષ્મી જાય છે એમ નથી. તેમ, લક્ષ્મી જવાની છે માટે શુભભાવ થયો એમ પણ નથી અને શુભભાવ થયો માટે ધર્મ થશે એમ પણ નથી.

આનંદસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ કરીને આનંદનો અનુભવ કરવો તેનું નામ ભોગ છે અને તેનો વારંવાર અનુભવ કરવો તેનું નામ ઉપભોગ છે. જડ વસ્તુને તો આત્મા ભોગવી જ શકતો નથી તો ઉપભોગ ક્યાંથી કરે?

આત્મા અનંતવીર્યનો ધણી છે. તે પોતાની શક્તિરૂપે પરિણમન કરવામાં થાકતો તો નથી ઉલટું તેના બળની વૃદ્ધિ થાય છે.

જીવ જ્યારે અભેદનયથી એક અખંડ આત્માને ધ્યાવે છે ત્યારે તેને સ્વાનુભવનો લાભ થાય છે તે જ આત્મદર્શન છે, તે જ સુખશાંતિ છે, તે જ આત્મસમાધિ છે અને તે જ નિશ્ચયરત્નત્રયની ઐકયતા છે માટે મુમુક્ષુજીવે નિશ્ચિંત થઈને પરમ રુચિથી પોતાના આત્માનું સેવન કરવું.

હવે યોગીન્દુમુનિરાજ ૮૧ મી ગાથામાં કહે છે કે, આત્મસ્મરણમાં જ તપ, ત્યાગ આદિ બધું આવી જાય છે.

આત્મા દર્શન–જ્ઞાન છે, આત્મા ચારિત્ર જાણ,
આત્મા સંયમ–શીલ–તપ, આત્મા પ્રત્યાખ્યાન. ૮૧.

આ ગાથા સમયસારમાં પણ આવે છે. આત્માને જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સંયમ આદિ જાણો.

અરે! આ મનુષ્યદેહની સ્થિતિ કયારે પૂરી થશે એ પોતાને ખબર છે? એની ચિંતા કરને ભાઈ! પરની ચિંતા કરવા કયાં રોકાયો?

અહીં તો કહે છે કે શુદ્ધ ચૈતન્ય વીતરાગ ચારિત્રમયી શાંત સ્વરૂપ નિજ આત્માની દૃષ્ટિ કરી તેમાં સ્થિરતા કરતાં જે ચારિત્ર પ્રગટ થાય છે તે આત્મા જ છે. કારણ કે નિર્મળ પર્યાય આત્મા સાથે અભેદ છે. મહાવ્રતાદિના ભાવરૂપ વ્યવહાર-ચારિત્ર છે તે આત્મા નથી કારણ કે તે તો રાગ છે તે આત્મા સાથે અભેદ નથી.

આત્મા જ સંયમ છે, આત્મા જ શીલ છે, આત્મા જ તપ છે અને આત્મા જ ત્યાગ છે. કારણ કે આત્માના સ્વભાવમાં રમણતા થતાં નિશ્ચયનયથી મોક્ષના સર્વ સાધન પ્રગટ થઈ જાય છે.

વ્યવહારનયથી સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા અને સાત તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે પણ એ તો શુભરાગરૂપ છે, નિશ્ચયથી તો નિર્મળ વીતરાગસ્વરૂપ આત્માની શ્રદ્ધા–રુચિ કરતા પર્યાયમાં જે નિર્મળ આનંદ પ્રગટ થાય છે તે યથાર્થ સમ્યગ્દર્શન છે અને તે જ આત્મા છે કારણ કે નિર્મળ પર્યાય આત્માથી ભિન્ન નથી.

નિશ્ચયથી પોતાના જ્ઞાનમાં પોતાનો શુદ્ધસ્વભાવ ઝલકવો–શુદ્ધસ્વભાવનું થવું તે સમ્યક્જ્ઞાન છે અને શુદ્ધસ્વરૂપમાં રમણતા કરતાં જે નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય તે સમ્યક્ચારિત્ર છે. એ સમ્યક્ રત્નત્રયધારી સાધુને મહાવ્રતાદિનો જે શુભરાગ આવે છે તે તેમનું વ્યવહારચારિત્ર છે.

પાંચ ઇન્દ્રિય તથા મનનો નિરોધ કરવો અને છકાય જીવની રક્ષા પાળવાનો ભાવ થવો તે વ્યવહાર સંયમ છે અને નિશ્ચયથી પોતાના શુદ્ધસ્વભાવમાં સ્થિર રહેવું, બહાર રાગ-દ્વેષ ન કરવો તે આત્માનો સંયમધર્મ છે.

વ્યવહારથી મન-વચન-કાયાથી કૃત-કારિત-અનુમોદના એમ નવપ્રકારે કામવિકારને

ટાળવો તે બ્રહ્મચર્ય છે અને નિશ્ચયથી પોતાના બ્રહ્મ નામ આનંદસ્વરૂપ નિજ આત્મામાં ચરવું એટલે રમવું તે બ્રહ્મચર્ય છે.

પંચમકાળ છે તોપણ વસ્તુનું સ્વરૂપ તો જેમ છે તેમ જ છે, તેમાં કોઈ કાળે ફેર પડતો નથી. નિશ્ચયથી વસ્તુનું સ્વરૂપ જેવું કહ્યું છે તેવું જ યથાર્થ છે. વ્યવહાર તો માત્ર જાણવા લાયક છે. પંચમઆરામાં થઈ ગયેલાં યોગીન્દ્રદેવ-વનવાસી દિગંબર સંત વસ્તુનું સ્વરૂપ આમ બતાવી રહ્યાં છે કે આત્માની પ્રતીત–જ્ઞાન અને સ્થિરતા તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. પાંચમા આરામાં પણ સંતો આત્મા... આત્મા....આત્માનો પોકાર કરી રહ્યાં છે.

નિશ્ચયથી એક શુદ્ધ નિજ આત્મામાં તપવું તે તપ છે. દેહની ક્રિયાથી તપ નથી કેમ કે તે જડ છે, તેમ પુણ્ય-પાપ ભાવથી પણ તપ નથી કેમ કે તે તો અનાત્મા છે તે આત્માનું નિજસ્વરૂપ નથી. ધ્રુવ... ધ્રુવ...ધ્રુવ...શાશ્વત ચૈતન્ય ધ્રુવ તત્ત્વમાં લીન થવું તે તપ છે. બાકી બધો વ્યવહાર તપ શુભરાગ છે. આત્મિક પ્રકાશ કરનારો તો નિશ્ચય તપ જ છે.

પોતાના આત્માનો સર્વ પરદ્રવ્ય અને પરભાવથી ભિન્ન અનુભવ કરવો તે નિશ્ચય પ્રત્યાખ્યાન છે. આમ આત્મસ્થ રહેવું તે જ નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, તપ અને ત્યાગ છે. તેને માટે અહીં સમયસારનો આધાર આપ્યો છે કે કુંદકુંદ આચાર્ય ફરમાવે છે કે નિશ્ચયથી મારા જ્ઞાનમાં આત્મા છે. મારા દર્શનમાં આત્મા જ સમીપ છે, જ્ઞાનમાં આત્મા જ સમીપ છે, ચારિત્રમાં આત્મા જ સમીપ છે કેમ કે તેમાં હું જ્યારે રમણ કરું છું ત્યારે આત્માની સમીપ જ પહોંચું છું.

હવે ૮૨ મી ગાથામાં મુનિરાજ કહે છે કે પરભાવોનો ત્યાગ તે જ સંન્યાસ છે.

જે જાણે નિજ આત્મને, પર ત્યાગે નિર્ભ્રાન્ત,
તે જ ખરો સન્યાસ છે, ભાખે શ્રી જિનનાથ. ૮૨.

જે આત્મા પોતાના આનંદસ્વરૂપ શુદ્ધાત્માને જાણે છે અને શરીર, કર્મ, પુણ્ય-પાપ આદિ પરદ્રવ્ય–પરભાવને પરરૂપે જાણે છે તે જીવ કોઈ જાતની ભ્રાંતિ વગર પરને ત્યાગી દે છે અને સ્વરૂપમાં સ્થિર થાય છે તે જીવ સંન્યાસી છે.

કેવળીભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે પોતાના વીતરાગસ્વરૂપ આત્માનું અને રાગનું એ બેનું જ્ઞાન કરીને રાગ છોડી સ્વરૂપમાં સ્થિર થવું તેનું નામ ત્યાગ છે–સંન્યાસ છે. આવા સંન્યાસનો પ્રારંભ અવિરત સમ્યગ્દષ્ટિથી ચાલુ થઈ જાય છે.

કારણ કે સમ્યગ્દષ્ટિને ચોથાગુણસ્થાને અભિપ્રાયમાં રાગનો ત્યાગ વર્તે છે અને સ્વભાવનું ગ્રહણ થયું છે.

૯૬૦૦૦ રાણી અને ૯૬ કરોડ પાયદળના સ્વામી સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી અંતરથી તેના સ્વામી થતાં નથી. જ્ઞાની પુદ્‌ગલ, શરીર, વાણી, મન અને અંતરમાં શુભાશુભભાવો થાય છે તેનાં પણ સ્વામી થતાં નથી. આવા જ્ઞાની તે દષ્ટિ અપેક્ષાએ સંન્યાસી છે પણ સ્થિરતા અપેક્ષાએ તો મુનિ જ સન્યાસી છે.

આત્મામાં સ્વ-સ્વામીસંબંધ નામનો એક ગુણ છે. સ્વ નામ પોતાનું સહજાત્મસ્વરૂપ તેનો આત્મા સ્વામી છે. વિકલ્પનો સ્વામી આત્મા નથી. આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સ્વામી છે. અન્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સ્વામી આત્મા નથી.

એકસ્વરૂપે બિરાજમાન શુદ્ધવસ્તુ તે મારું દ્રવ્ય છે, લક્ષ્મી છે તે મારું દ્રવ્ય નથી. આત્માનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર મારું ક્ષેત્ર છે. શરીરનું કે મકાનનું કે રાગનું ક્ષેત્ર તે મારું ક્ષેત્ર નથી. મારા આત્મગુણોનું સમય-સમયનું પરિણમન તે મારો કાળ છે, અને મારા આત્માના શુદ્ધગુણો છે તે મારો ભાવ છે. હું તો સિદ્ધ સમાન શુદ્ધ, નિરંજન, નિર્વિકાર ચૈતન્ય છું, પૂર્ણ દર્શન-જ્ઞાનમય છું. આવો સમ્યગ્દષ્ટિનો અભિપ્રાય હોય છે. અપૂર્ણ અવસ્થા કે રાગની અવસ્થાના સ્વામી સમ્યગ્દષ્ટિ થતાં નથી. એ અપેક્ષાએ જ્ઞાનીને પરનો સન્યાસ છે-ત્યાગ છે.

આત્મા અગાધ....અગાધ...અગાધ...અમાપ અકૃત્રિમ ચૈતન્યગુણોનો મોટો મહાસાગર છે. એવી દષ્ટિના ધારક સમ્યગ્દષ્ટિ દષ્ટિ અપેક્ષાએ પરમ કૃતકૃત્ય છે. જીવનમુક્ત છે, તથા ખરા સન્યાસી છે. [-ક્રમશઃ]

—o—

અરે ભાઈ! અનાદિકાળથી રખડતાં-રખડતાં અનંત ભવો કર્યા, તારાં મરણ પાછળ તારી માતાએ અત્યાર સુધીમાં એટલાં રુદનનાં આંસુ પાડયાં કે દરિયા ભરાય. દેહ તો વેદનાની મૂર્તિ છે. શરીરના એકેક તસુમાં છન્નુ-છન્નુ રોગ ભર્યા છે, એ રોગની વેદનાનાં દુઃખો તેં એટલાં ભોગવ્યાં કે જેને જોઈને તારી માતાએ જે આંસુ પાડયા તેના દરિયા ભરાય; પણ આત્માને જાણ્યા વિના એ દુઃખના આરા ન આવ્યા. ભાઈ! આવો દુર્લભ યોગ મળ્યો છે, એ દુઃખોથી છૂટવાનાં ટાણાં આવ્યા છે. ને આંખ નહીં ઉઘાડ તો તારા ઉતારા કયાં થશે!!

—પૂજ્ય ગુરુદેવ

# આત્માની સેવાનું ફળ મુક્તિ
# રાગની સેવાનું ફળ બંધન

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્ર. નં. ૨૫ )

આ ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૨૩ મી ગાથા પૂરી થઈ ગઈ છે પણ ફરીથી લઈએ.

અજ્ઞ–ભક્તિ અજ્ઞાનને, જ્ઞાન–ભક્તિ દે જ્ઞાન,
લોકોક્તિ–'જે જે ધરે, કરે તે તેનું દાન.' ૨૩

આ ગાથાનો અર્થ એ છે કે અજ્ઞાનીની સેવા કરવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય અને જ્ઞાનીની સેવા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય કેમ કે જેની પાસે જે હોય તે આપે એ વાત સુપ્રસિદ્ધ છે.

પૂજ્યપાદસ્વામી જિજ્ઞાસુ શિષ્યને સંબોધીને કહે છે હે ભદ્ર! જેને જ્ઞાનીની ઉપાસના કરીને સ્વ-પર વિવેકરૂપી જ્યોતિ પ્રગટ થઈ છે એવા આત્માને, આત્મા દ્વારા, આત્મામાં જ નિરંતર સેવ. આત્મા પોતે જ જ્ઞાની છે. તેની ઉપાસના કરવાથી "આ જ્ઞાન–આનંદસ્વરૂપ તે હું છું, રાગાદિ તે હું નહિ" એવી જે સ્વ-પર વિવેકરૂપી જ્યોતિ પ્રગટ થઈ છે એવા આત્માએ પોતાની શુદ્ધપરિણતી દ્વારા સ્વાત્માને જ નિરંતર સેવવા યોગ્ય છે.

જુઓ! આત્માની સેવા કરવા લાયક છે એમ કહ્યું છે. પરની સેવા કરવી તે શુભરાગ છે તે કરવા લાયક નથી એમ ન કહ્યું. પણ આત્માની જ સેવા કરવા યોગ્ય છે એમ અસ્તિથી લીધું છે.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે અને પુણ્ય–પાપ રાગ સ્વરૂપ છે, દુઃખ સ્વરૂપ છે એમ બે વચ્ચેનો વિવેક કરી–ભેદજ્ઞાન કરી આત્માને આત્મામાં આત્મા દ્વારા સેવનીય છે.

ખરેખર તો ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્માની પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન હોય તેની પણ સેવાનું લક્ષ કરવું તે તો એક શુભભાવ છે, ધર્મભાવ નથી. લોકોને આ વાત આકરી પડે પણ શું થાય? શુભભાવથી પણ જુદા પડી આત્માનું સેવન કરવું તે ખરેખર ધર્મ છે અને તે જ ખરેખર સંવર–નિર્જરા છે.

અહીં તો આત્મા ભગવાન સતૂચિદાનંદપ્રભુ પોતે જ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, અનંત આનંદમય છે તેની અંતરમાં એકાગ્રતા કરવી–સ્વભાવસન્મુખતા કરવી તે આત્મસેવા અને આત્મધર્મ છે. દયા-દાન-પૂજા-ભક્તિ-જાત્રા આદિનો ભાવ શુભભાવ છે પણ ધર્મ નથી. આચાર્યદેવ ચોખ્ખા શબ્દમાં આવી વાત મૂકે છે. કોઈને એમ થાય કે આવી વાત સાંભળશે તો લોકો ભગવાનની પૂજા-ભક્તિ કરતાં અટકી જશે. પણ ભાઈ! એ શુભભાવ છે તેની ના નથી કહી. એ ધર્મ નથી એમ પહેલાં નક્કી કરવું પડશે. શુભભાવ તો અનાદિથી જીવ કરતો જ આવ્યો છે તેમાં તેણે નવીન શું કર્યું? મંદિરો, મૂર્તિ, પૂજા બધું હોય છે પણ તેની મર્યાદા શુભભાવ સુધીની છે. કોઈ એમ માને કે તેમાં સંવર–નિર્જરા થાય છે તો એ વાતમાં માલ નથી.

ચૈતન્યમૂર્તિ પ્રભુમાં વિકલ્પનો પણ અભાવ છે, એકલો જ્ઞાનનો ભંડાર છે. તેની ભક્તિ એટલે તેમાં નિર્વિકલ્પ એકાગ્રતા જ્ઞાનનું ફળ આપે, અજ્ઞાનનું ફળ ન આપે. જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનની એકાગ્રતા જ્ઞાનનું ફળ આપે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ બધી જ્ઞાનની ભૂમિકાની દશા છે. ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાનસ્વરૂપનું ચારિત્ર એટલે સ્થિરતારૂપ સેવા કરવાથી જ્ઞાનસ્વરૂપની પૂર્ણતાની પ્રાપ્તિ થાય.

પૂજ્યપાદસ્વામી ભાવલિંગી સંત હતા, જંગલમાં રહેતા હતાં. પંચમ કાળમાં જ તેઓ થઈ ગયા અને પંચમકાળના જીવો માટે જ આ વાત લખતાં ગયાં.

લોકો પંચકલ્યાણક ઉજવે, રથયાત્રા મોટી કાઢે, પાંચ પચીસ લાખ ખર્ચે એટલે જાણે બહુ ધર્મ થઈ ગયો. પણ ભાઈ! એ તો શુભભાવ છે, ધર્મ નથી. પ્રસંગે આવવાયોગ્ય શુભભાવ પણ આવ્યા વિના રહે નહિ, આવે જ. પણ તે ધર્મ નથી. અજ્ઞાનભાવ છે તેમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. 'જ્ઞ' સ્વરૂપી ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેની અંતર એકાગ્રતા કર તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વીતરાગી ફળ આત્મા પોતાની પર્યાયમાં આપે.

પ્રશ્ન :–પ્રભુ! શુભભાવથી પૂર્ણતા સુધી ન પહોંચાય પણ નજીક તો આવી શકાયને! ૧૦૦ ગાઉ દૂર હોય તો ૫૦ ગાઉ સુધી તો આવી શકાય કે નહિ?

ઉત્તર :—ના...ના...ભાઈ! અહીં તો એક જ વાત છે. એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ. ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત નિર્દોષ, નિર્વિકારી ચૈતન્યપિંડ આત્મા છે તેની સેવા એટલે એકાગ્રતા કરવાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ આત્મામાંથી જ પ્રગટ થાય. ત્યાં વચ્ચે શુભભાવ હોય ખરો પણ તે માર્ગ નથી. તેનાથી આત્મા સમીપ ન થાય.

જેની પાસે જે હોય તે મળે. પૈસાવાળા પાસેથી પૈસા મળે પણ ભિખારી પાસેથી ક્યાંથી મળે? જેની પાસે જે હોય જ નહિ તે ક્યાંથી આપે? તેમ શુભભાવમાં, મંદિરમાં, શેત્રુંજયમાં, શિખરજીમાં કે સમવસરણમાં સાક્ષાત્ ભગવાનમાંથી પણ તને તારું જ્ઞાન ન મળે, કેમ કે તારું જ્ઞાન તારામાં છે, ત્યાં નથી.

ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો–ચૈતન્યનું પૂર છે તેમાં એકાગ્રતા કરવાથી આત્માનું જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટ થાય પણ પરમાં તો જ્ઞાન જ નથી તો તેમાંથી જ્ઞાન પ્રગટે ક્યાંથી? શાકભાજીની દુકાને શાક હોય તો શાક આપે, કંદોઈની દુકાને પેંડા હોય તો એ પેંડા આપે, કાપડની દુકાને કાપડ હોય તો કાપડ આપે પણ કાપડની દુકાને પેંડા કે શાક મળે ખરાં? તેમ અહીં કહે છે કે ભગવાન આત્માની દુકાનમાં જ્ઞાન અને આનંદ ભર્યાં છે તેમાં એકાગ્રતા કરે તો જ્ઞાન અને આનંદ મળે. શુભભાવમાં એકાગ્રતા કરે તો પુણ્ય થાય અને સ્ત્રી-પુત્ર પરિવાર આદિમાં એકાગ્રતા કરે તો પાપ થાય.

આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારે તારું હિત કરવું છે કે નહિ? જેને પોતાનું હિત કરવું હોય તેને માટે અમે આ ઇષ્ટ–ઉપદેશ આપીએ છીએ.

શુભમાં ધર્મ ન થાય એ વાત આવે ત્યાં લોકોને એમ થાય કે અરે! એક તો આજના જુવાનિયા સ્વચ્છંદી હોય તેમાં આ વાત સાંભળશે તો વધારે સ્વચ્છંદી થઈ જશે! પણ નહિ થાય ભાઈ! સાંભળને! સત્ વાત સાંભળે અને અસત્ થશે? સત્ય વાતની પ્રરૂપણા થતાં સત્યનો જ લાભ થાય. અસત્ ન થાય. લોકોને સત્ય વાત આકરી લાગે પણ સત્ય તો સત્ય જ રહેશે. દુનિયાના ફેરવવાથી સત્ય અસત્ય નહિ થાય.

જ્યાં નિશ્ચય છે પણ પૂર્ણ વીતરાગદશા પ્રગટ થઈ નથી ત્યાં સુધી વચ્ચે વ્યવહાર હોય શુભભાવ હોય પણ તેમાં બંધનું ફળ છે. જ્ઞાન અને આનંદનું ફળ તેમાંથી કદાપિ ન મળી શકે.

પ્રશ્ન :–પ્રભુ! મૂર્તિપૂજાથી પણ ધર્મ નથી તો તો પછી મૂર્તિ જ ન હોય તે સારું?

જવાબ :–એમ ન હોય ભાઈ! નિશ્ચયની સાથે વ્યવહાર હોય છે. પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈ જાતના શુભભાવ આવ્યા વગર રહેતાં નથી. ભગવાનની પૂજા-ભક્તિ-દાનાદિ બધું હોય પણ તેનાથી સંવર-નિર્જરા અને ધર્મ માનવા તે ભૂલ છે.

૨૩ મી ગાથા પૂરી થઈ. હવે શિષ્ય પૂછે છે કે 'અધ્યાત્મલીન જ્ઞાનીને શું ફળ મળે છે?' અધ્યાત્મલીન એટલે આત્મામાં લીન થઈ ગયા છે–જામી ગયા છે એવા યોગીની અપેક્ષાએ સ્વાત્મધ્યાનનું ફળ શું છે? તે પ્રશ્નનો પૂજ્યપાદસ્વામી ગાથારૂપે જવાબ આપે છે.

આત્મધ્યાનના યોગથી, પરિષહો ન વેદાય,
શીઘ્ર સસંવર નિર્જરા, આસ્રવ–રોધન થાય. ૨૪.

ધર્મીજીવ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માના ધ્યાનમાં જેટલો લીન થયો છે તેટલું તેનું પરિષહો તરફ લક્ષ નથી, તેને પરિષહોનું વેદન થતું નથી. પ્રતિકૂળતા તરફનું લક્ષ ન રહેવાથી તેનો અનુભવ થતો નથી.

ધર્મ પણ રોકડિયો છે અને શુભાશુભભાવનું ફળ પણ રોકડિયું છે. જે સમયે શુભાશુભભાવ થાય છે તે જ સમયે આકુળતા છે તે તેનું ફળ છે. અને આત્માના સ્વરૂપના ધ્યાનરૂપ ધર્મનું ફળ શાંતિનું વેદન તે સમયે જ થાય છે.

ભગવાન આત્મા જ્યાં અંતરસ્વરૂપના ધ્યાનમાં લીન થાય છે ત્યારે શરીરમાં ક્ષુધા-તૃષાનું દુઃખ છે તેના તરફ તેનું ધ્યાન જ નથી તેથી તેનું વેદન પણ નથી. સર્પ કરડે, વીંછી કરડે તોપણ તેનું સ્મરણ તેને થતું નથી. જ્ઞાન જ્યાં સ્વજ્ઞેયમાં જામે છે ત્યાં પરજ્ઞેયનું સ્મરણ ધર્મીને થતું નથી. જ્યાં લીનતા છે ત્યાં જ તેનું જ્ઞાન છે.

આ આત્મા અનંત જ્ઞાન-દર્શન–આનંદના અસ્તિત્વ-સત્તાવાળું તત્ત્વ છે તેને સ્મરણમાં લેતાં બીજું વિસ્મરણ થઈ જાય છે. ત્યારે બહાર શરીરમાં પરિષહ છે કે નહિ? ક્ષુધા-તૃષા છે કે નહિ? પ્રતિકૂળતા–ઉપસર્ગ આદિ છે કે નહિ તેનો ખ્યાલ એ વખતે ધર્મીને હોતો નથી.

અહીં કહેવાનો આશય એ છે કે, જ્ઞાનીને પરિષહ આદિનું કષ્ટ જ નથી. બહારથી જોતાં લોકોને એમ લાગે કે, બહુ પરિષહ-ઉપસર્ગ આદિ કષ્ટ સહન કરે ત્યારે ધર્મ થાય. પણ એમ નથી, જ્ઞાનીનું જ્ઞાન જ્યારે સ્વરૂપમાં એકાકાર થાય છે. ત્યારે બહારમાં શું પરિષહ-ઉપસર્ગ આદિ પ્રતિકૂળતા છે તેનું લક્ષ પણ જ્ઞાનીને નથી. માટે જ્ઞાનીને બહુ પરિષહ સહન કરવા પડે છે એવું નથી. મુનીરાજ ધ્યાનમાં એકાકાર હોય છે ત્યારે બહાર શરીરને સિંહ ફાડી ખાતો હોય તેનો મુનિને ખ્યાલ પણ નથી. મુનિ તો પોતાના ધ્યાનમાં મશ્ત છે.

જે ધ્યાતા-ધ્યાન અને ધ્યેયને એકાકાર કરે છે તેને પરિષહાદિનું ધ્યાન જ નથી, તેનું વિજ્ઞાન જ નથી, એટલે કે તેનું તેને ભાન જ નથી. જ્ઞાન જ નથી. તે વખતે લોકોને એમ લાગે કે ઓહો! આ તો કેટલું કષ્ટ સહન કરે છે પણ લોકોને ક્યાં ખબર છે કે એ કષ્ટ સહન કરતાં નથી. પોતાના ધ્યાનમાં લીન છે—આનંદમાં લીન છે. સ્વરૂપ તરફ વલણમાં–શરીરમાં રોગ છે કે નહિ? સિંહ-વાઘ કે શિયાળ શરીરને ખાય છે કે નહિ? કોઈ દેવ કે મનુષ્ય ઉપસર્ગ કરે છે કે નહિ? અગ્નિમાં શરીર બળી રહ્યું છે કે નહિ? તેનું સ્મરણ જ નથી. તે તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણ પણ થતું નથી.

ભગવાન આત્માને જ્ઞેય બનાવી-ધ્યેય બનાવીને જે તેના ધ્યાનમાં લીન થાય છે તેને પરિષહની સ્મૃતિ પણ થતી નથી. આ છે આત્માના ધ્યાનનું ફળ! કે પરિષહાદિ તરફનો વિકલ્પ તો નથી પણ સ્મરણ પણ નથી. એકલું આનંદનું વેદન છે.

આમ, જ્ઞાની જ્યાં શુદ્ધસ્વરૂપમાં લીન થાય છે ત્યાં કર્મોનું આગમન પણ અટકી જાય છે. અને જૂના કર્મો છૂટતાં જાય છે-તેની નિર્જરા થઈ જાય છે. આ તો વ્યવહારથી કથન છે હો. ખરેખર તો જ્ઞાનીને પરદ્રવ્ય સાથે સંબંધ હતો જ ક્યારે તો છૂટે? બહુ ઝીણી વાત છે પણ ખ્યાલમાં લેવા જેવી વાત છે.

સંસારના કોઈ કાર્યના ઊંડા વિચારમાં જીવ પડ્યો હોય ત્યારે પાસેથી સર્પ ચાલ્યો જાય તેનું પણ ધ્યાન રહેતું નથી. એક ભાઈ કહેતાં હતાં કે હું ઓશીકા ઉપર ચોપડો લઈને નામું લખતો હતો ને ઓશીકા નીચેના પોલાણમાંથી સર્પ નીકળ્યો પણ મને ખબર ન પડી. પછી કોઈએ જોયો ને મને કીધું ત્યારે ખબર પડી. અલ્યા! સંસારના કામના ધ્યાનમાં પણ બહારનું ધ્યાન નથી રહેતું તો આત્માના ધ્યાન વખતે બહારનું ધ્યાન ક્યાંથી રહે?

મુનિરાજને જો ધ્યાન વખતે પરિષહાદિકનું ધ્યાન રહેતું હોય-ચેન ન પડતું હોય તો તો એ ધ્યાન જ કેવું? એ તો વિકલ્પ છે, આકુળતા છે; આત્માનું ધ્યાન નથી. ભગવાન આત્મા અંતરમાં આનંદમાં ધ્યાનમાં મસ્ત હોય તેને પરિષહનું સ્મરણ ન હોઈ શકે. ઉપસર્ગનો તેને ખ્યાલ પણ ન હોય અને તે વખતે તેમને કર્મનો સંબંધ છૂટે છે એમ કહ્યું એ પણ એક વ્યવહારનું કથન છે. ખરેખર જ્ઞાનીએ પૂર્વના કર્મ કે વર્તમાન ઉદય સાથે સંબંધ જોડ્યો જ નથી તો છૂટે ક્યાંથી? જ્ઞાનીએ તો આત્મા સાથે સંબંધ જોડ્યો છે. આવી નિશ્ચયની વાત લોકોને આકરી લાગે છે પણ એ જ સાચી વાત છે, લોકોએ આત્માને એવો નમાલો માની લીધો છે કે તેનું વીર્ય પુણ્ય-પાપથી ખસીને આત્માનો ધર્મ પ્રગટ કરી શકે છે અને તેમાં જ લાભ છે એ વાત એને મગજમાં બેસતી નથી.

આત્મા પોતે જ પૂર્ણાનંદસ્વરૂપ પરમાત્મા છે તેમાં જ એકાગ્રતા કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. બીજી કોઈ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણકાળમાં કોઈને થઈ શકતું નથી.

પ્રશ્નઃ-શાસ્ત્રમાં આવે છે તે કે નરકની વેદનાથી કે દેવદર્શન આદિથી સમ્યગ્દર્શન થાય છે.

ઉત્તર :-એ તો બધા નિમિત્તના કથન છે. જ્યારે સમ્યગ્દર્શન જીવને થયું ત્યારે બહારમાં નિમિત્ત તરીકે શું હતું તે બતાવાય છે પણ જો વેદનાથી કે ભગવાનના દર્શનથી જ સમ્યગ્દર્શન થતું હોય તો તો વેદનાવાળા અને દર્શન કરવાવાળા બધાંને

થઈ જવું જોઈએ. ભગવાનના દર્શનથી તો પુણ્ય બંધાય. ભગવાન તો પરદ્રવ્ય છે તે બીજાના દ્રવ્યની પર્યાયને કેમ ફેરવે? પોતે પોતાના ભગવાનના દર્શન કરે તો પોતાની પર્યાય ફરી જાય.

ભાઈ! તારે તારાં આત્માનું હિત કરવું છે કે બીજાનું? બીજાનું લક્ષ કરવાથી તેનું હિત તો નહિ થાય પણ તને શુભાશુભભાવનું બંધન થશે. પરદ્રવ્યને આશ્રયે સંવર-નિર્જરા થાય એમ ત્રણકાળમાં કદી બને નહિ.

આત્માનું યથાર્થ ધ્યાન કરનાર જીવોના બે પ્રકાર છે. એક તો સિદ્ધયોગી છે જે તે જ ભવે મુક્તિ પામવાના છે. તે ધ્યાનમાં એટલા લીન છે કે તેને શુભ અશુભ બંને કર્મોની નિર્જરા થાય છે અને જે તુરત જ અયોગીપદને ધારણ કરી સિદ્ધપદ પ્રાપ્ત કરવાના છે. દા. ત. પાંડવો. પાંચ પાંડવો હતા, તેમાં ત્રણ સિદ્ધયોગી છે, અને બે સાધ્યયોગી છે. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન તો ધ્યાનમાં એવા મસ્ત થઈ ગયા કે થોડી જ ક્ષણોમાં કેવળજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત કરી લીધી, અને સહદેવ અને નકુળ મુનીને જરા વિકલ્પ આવી ગયો મોટા મુનીનું શું થતું હશે? વિકલ્પ આવ્યો ત્યાં પુણ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધિનું પુણ્ય બંધાઈ ગયું. માટે કહે છે કે સાધ્યયોગીને પાપની નિર્જરા થાય છે પણ પુણ્યનું બંધન થાય છે.

'પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરના કામ જો, પ્રથમ પહેલું મસ્તક મૂકી....' પ્રથમ અર્પણતા પહેલી જોઈશે. ચિદાનંદ ભગવાન આખો હું શુદ્ધ છું એવી દૃષ્ટિ કર્યા વિના અને તેને શરણે ગયા વિના આત્માને શાંતિનો લાભ ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય મળે તેમ નથી. અહીં તો બધી ઉત્કૃષ્ટ વાત છે, સત્ય વાત છે. મોટા મોટા મુનીને પણ જો કાંઈક વિકલ્પ આવી જાય તો ભવ કરવો પડે છે.

જેટલો સ્વભાવનો આશ્રય કરે તેટલો સંવર-નિર્જરા થાય છે, અને જેટલો પરનો આશ્રય કરે-સંબંધ કરે તેટલો આસ્રવ અને બંધ છે. આવો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે. પરથી લાભ માનવાનો ઉપદેશ તે અહિતકર ઉપદેશ છે. પરદ્રવ્ય કે પરભાવ આ આત્માને સાધવાનું સાધન પણ નથી. ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપે પોતે જ સાધ્ય છે અને પોતે જ સાધન છે.

અહીં તો ચોખ્ખી વાત છે. માર્ગ એક જ છે. અમીર હો કે ગરીબ હો બધાને માટે ધર્મનો માર્ગ તો એક જ છે.

અહીં ધર્મીના ધ્યાનની વાત ચાલે છે તેમાં આચાર્યદેવ આત્માનુશાસનનો આધાર આપે છે કે પુણ્ય-પાપ કર્મ ફળ આપ્યા વિના સ્વયમેવ ગળી જાય છે તે યોગી છે. ફળ આપ્યા વિના એટલે મુની તે વખતે શુદ્ધ ઉપયોગમાં હોવાથી કર્મોના ઉદયમાં

[ જુઓ અનુસંધાન પૃષ્ઠ ૧૯ ]

## વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

सर्वाचरेण जानीहि एकं जीवं शरीरतः भिन्नं ।
यस्मिन् तु ज्ञाते जीवे भवति अशेषं क्षणे हेयं ।। ७९ ।।

અર્થ :—હે ભવ્યાત્મા! તું એકલો જીવને શરીરથી ભિન્ન સર્વ પ્રકારે ઉદ્યમ કરીને જાણ! જેને જાણતાં બાકીનાં સર્વ પરદ્રવ્યો ક્ષણમાત્રમાં તજવા યોગ્ય લાગે છે. ૭૯.

જુઓ, અહીં શરીરથી જુદો જાણવાનું કહે છે. અજ્ઞાની કહે છે કે કાંઈ વ્રત કરવાનું કહેતા નથી, શરીરથી જુદો છે એવો વિચાર કરવામાં શું કષાય મંદતા નથી? પણ અજ્ઞાનીને બાહ્યની પકડ છે. શરીરથી આત્મા જુદો છે એમ જાણવાથી બાકી બધું હેય છે એમ ક્ષણમાત્રમાં જણાઈ જાય છે. હે ભવ્ય આત્મા! તું સર્વ પ્રકારે ઉદ્યમ કરીને શરીરથી આત્મા જુદો છે એમ જાણ. શરીર પુદ્ગલ છે. તેનું હાલવું-ચાલવું મારાથી થતું નથી. શરીર મૃતક કલેવર છે, તેનાથી આત્મા જુદો છે તો પછી બૈરા, છોકરાં વગેરેથી જુદો જ છે એ વાત આવી જાય છે. તું તારા જ્ઞાન-આનંદ સાથે અભેદ છો, નિર્ણય કર કે તું એકલો છો, સ્વભાવની દૃષ્ટિ થઈ તે એકલાની ભાવના ભાવે છે, તે વિચારે છે કે આ શોખ શાના માટે, કોના માટે, આ કુતૂહલતા શેની? આ શરીર તો અજીવ છે. આત્મા એથી જુદો છે એવું ભાન થવાથી એકલાની ભાવના વૈરાગ્ય પૂર્વક ભાવે છે.

કેટલાક જીવો વ્રત તપમાં જે કષાય મંદતાથી પુણ્ય થાય તેમાં હોંશ માને છે. ભાઈ, જ્યાં કષાય મંદતાનાં પણ ઠેકાણાં ન હોય, ઉપવાસ હોય ને દુકાને જતા હોય, ગપ્પા મારતા હોય એમાં તો કષાય મંદતા પણ નથી. વળી દેહની ક્રિયામાં ધર્મ માની બેસે છે તે મિથ્યાભાવને સેવે છે.

અહીં તો શરીરથી આત્મા જુદો છે એવું ભાન કરે તો ધર્મ છે ને વિકલ્પ વર્તે તે કષાય મંદતાના પુણ્ય પરિણામ છે. જેમ પતંગનો દોર હાથમાં હોય તો ગમે તેટલી ઊંચે ગઈ હોય તોપણ હાથમાં છે તેમ શરીર ને આત્મા જુદા છે એવું ભાન હોય તો સમ્યગ્જ્ઞાનરૂપી દોરો હાથમાં છે. તેથી તેને અલ્પ રાગ દ્વેષ થાય છે. શરીરાદિની ગમે તે અવસ્થા થાય તે જ્ઞેયમાં જાય છે. પોતાનું સ્વરૂપ તો ચૈતન્યમય છે. શરીર, મન, વાણી મારામાં અભાવરૂપ છે. જ્ઞાન, દર્શન સાથે મારે ત્રિકાળ સંબંધ છે, રાગ-દ્વેષના પરિણામ તે પર્યાયનો અપરાધ છે. ત્રિકાળમાં તે નથી. આમ સ્વરૂપ જાણવાનો ઉપદેશ છે.

પોતાના સ્વરૂપને જાણે ત્યારે સર્વ પરદ્રવ્યો હેયરૂપ જ ભાસે છે તેથી અહીં પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તેને જ જાણવાનો ઉપદેશ છે.

એક જીવ પર્યાય બહુ ધારે સ્વ-પર નિદાન,
પર તજી આપા જાણકે, કરો ભવ્ય કલ્યાણ.

ભગવાન આત્મા એક છે તે ઘણાં શરીર ધારણ કરે છે. પોતાના અપરાધને કર્મનું નિમિત્ત પામીને અનંતા શરીર ધારણ કરે છે. અનંત શરીરથી આત્મા એક જુદો છે ને એકથી અનંતા જુદા છે. મુસાફર અનેક ઝાડોની છાયા નીચેથી પસાર થાય પણ ઝાડને તે પોતાનું માને નહિ, તેમ અનેક પ્રકારના શરીર તે મારા નથી પણ પર છે એમ માની પોતાનું સ્વરૂપ એકલું છે એમ વિચારી હે ભવ્ય! કલ્યાણ કરો.

अन्यः देहं गृहणाति जननी अन्या च भवति कर्मतः ।
अन्यत् भवति कलत्र अनयः अपि च जायते पुत्रः ।। ८० ।।

અર્થ:— આ જીવ સંસારમાં જે દેહ ગ્રહણ કરે છે તે પોતાનાથી અન્ય છે. માતા છે તે પણ અન્ય છે. સ્ત્રી છે તે પણ અન્ય છે તથા પુત્ર છે તે પણ અન્ય ઊપજે છે. આ સર્વ કર્મસંયોગથી આવી મળે છે. ૮૦.

આ જીવને સંસારમાં જે દેહનો સંયોગ મળે છે તે પોતાનાથી અન્ય છે, શરીરની વર્તમાન દશા આત્માથી થતી નથી. જનેતા પણ અન્ય છે, સ્ત્રીને અર્ધાંગના કહે છે તે પણ અન્ય છે. પુત્ર પણ અનેરો આવીને ઊપજે છે, તે તારો નથી. તે બધાં કર્મોના નિમિત્તે આવી મળે છે ને કર્મોની અવસ્થા પૂરી થતાં ચાલ્યા જાય છે, તો પછી આ સંસારની દશામાં કર્મ કારણ હશે? ના. પોતે પોતાનું હિત કરવા માગતો નથી. પોતાનો ઊંધો પુરુષાર્થ કારણ છે. અહીં શરીરથી જુદો કહેતાં કાર્મણશરીરથી પણ આત્મા જુદો છે એ વાત આવી જાય છે. કોઈ આડા અવળા પરિણામ કરાવતું નથી. સ્વતંત્રપણે કરે તે કર્તા ને કર્તાનું ઇષ્ટ તે કર્મ. અજ્ઞાનીને શુભાશુભ ભાવો વહાલા લાગે છે તે તેનું ઇષ્ટ છે. પોતે વિકાર કરે છે. દેહને કર્મની અવસ્થા જડની જડમાં થાય છે, નહિતર પૃથક્તા રહેતી નથી. કોઈ કહે કે માતા-પિતા અત્યારે અનેરા હશે કે મરી ગયા પછી અનેરા હશે? અત્યારે પોતાના ન હોય તો આ મારા માતા પિતા છે એમ કેમ બોલાય છે? તો તેને કહે છે કે જીવ મારાપણાનું અભિમાન કરે છે ને સંસારમાં રખડે છે.

एवं बाह्यद्रव्यं जानाति रुपात् स्फुटं आत्मनः भिन्नम् ।
जानन् अपि स्फुटं जोवः तत्रैव च रयति मूढः ।। ८१ ।।

અર્થ:—આ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી સર્વ બાહ્ય વસ્તુઓને આત્માના સ્વરૂપથી

ભિન્ન જાણવા છતાં-અગટપણે જાણવા છતાં પણ આ મૂઢ-મોહી જીવ તે પરદ્રવ્યોમાં જ રાગ કરે છે પરંતુ એ મોટી મૂર્ખતા છે. ૮૧

ઉપર કહ્યા પ્રમાણે સર્વ બાહ્ય વસ્તુઓ આત્માથી જુદી છે એવું ધારણામાં લીધું છે, ખ્યાલમાં આવે છે કે આ બધી વસ્તુ જુદી છે છતાં મોહી જીવ પરદ્રવ્યોમાં રાગ કરે છે ને ચૈતન્યસ્વભાવને ચૂકી જાય છે તે મૂર્ખતા છે. આત્માની અંતરૂક્રિયા આત્મામાં છે. જડનો ભાવ પર છે, બૈરાં છોકરાં, દેવ-ગુરુ પણ પર છે, પરને પર તરીકે ધારણામાં લેવા છતાં મિથ્યાદૃષ્ટિ જીવ અંતર વસ્તુનો આદર કરતો નથી. શરીર સારું હોય તો ધર્મ થાય વગેરે પ્રકારે માને છે. પરની દરકાર કરે છે પણ પોતાના જીવની દરકાર કરતો નથી એ મોટી મૂર્ખતા છે.

यः ज्ञात्वा देहं जीवस्वरूपात् तत्त्वतः भिन्नम् ।
आत्मानं अपि च सेवते कार्यकरं तस्य अन्यत्वम् ॥ ८२ ॥

અર્થ:—જે જીવ પોતાના સ્વરૂપથી દેહને પરમાર્થપણે ભિન્ન જાણી આત્મ-સ્વરૂપને સેવે છે-ધ્યાવે છે તેને આ અન્યત્વભાવના કાર્યકારી છે.

જેનાથી લાભ-નુકશાન માને તેનાથી આત્મા જુદો છે એમ માની શકે નહિ. પોતાની પર્યાયબુદ્ધિથી નુકશાન છે ને સ્વભાવબુદ્ધિથી લાભ છે તે સિવાય પરથી લાભ-નુકશાન નથી. જે જીવ દેહને પરમાર્થપણે ભિન્ન જાણે તે આત્મસ્વરૂપને ધ્યાવે છે. જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય, અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાયથી જુદા છે એમ જે અંતરમાં ધ્યાવે છે ને જ્ઞાનને જ સેવે છે તે પરનું અભિમાન કરતો નથી.

અત્યારે ઘણા આત્માની વાતો કરે છે પણ આત્મા હોય તો શરીર ચાલે, આત્મા હોય તો બોલે, વ્યવહારથી આત્મા શરીરને ચલાવી શકે એ બધી માન્યતા અજ્ઞાન છે. શરીરાદિ પર છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ પણ આત્માનું સ્વરૂપ નથી એમ ભાન કરી પોતામાં એકાગ્રતા કરે તો ભાવના કાર્યકારી છે.

અહીંથી ઘણું સાહિત્ય બહાર પડયું એટલે લોકો તેને ધારીને વાતો કરવા માંડયા ને કહે કે અમે પણ આત્માની વાત જાણીએ છીએ ને અમે વ્યવહાર પણ આચરીએ છીએ, પણ ખરેખર તે જીવો નિશ્ચય-વ્યવહાર એકે સ્વરૂપને જાણતા નથી. અભવી જીવ નવ પૂર્વ, અગિયાર અંગ ધારી ગયો ને પૂર્વને લીધે ઉઘાડ દેખાતો હોય તોપણ પર્યાયબુદ્ધિના કારણે તે સંસારમાં રખડે છે.

(૧) કોઈ જીવ માન ખાતર અથવા કષાય સેવવા માટે શાસ્ત્ર વાંચન કે ઉપદેશ કરે છે, તેનો જ્ઞાનનો ઉઘાડ તો વર્તમાનને લીધે નથી પણ પૂર્વનો લબ્ધ લઈને આવેલા છે તે ઉપયોગરૂપ વ્યક્ત થાય છે. વર્તમાન ભાવ તો અશુભ છે તેના નિમિત્તે જ્ઞાનનો ઉઘાડ થતો નથી.

(૨) બીજો જીવ શુભ પરિણામ કરે છે, માનાદિ સેવતો નથી તેને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે પણ તે પરલક્ષે હોવાથી પરને જાણે છે. આત્માને જાણતો નથી.

(૩) કોઈ જીવ પર્યાયબુદ્ધિ છોડી, સ્વતરફ વળે તે ક્ષયોપશમ ભાવ પણ પર્યાય છે એમ સમજી દ્રવ્ય તરફ વળે તો તે ઉઘાડ આત્માને જાણવામાં નિમિત્ત કહેવાય.

'નિજ આત્માથી ભિન્ન પર જાણે જે નર દક્ષ,
નિજમેં રમે વમે અપર તે શિવ લખે પ્રત્યક્ષ.'

શરીર, મન, વાણી, રાગ-દ્વેષ વગેરે બધું પોતાના આત્માથી પર છે એમ જે ડાહ્યો જીવ જાણે છે તે પોતાના સ્વભાવમાં રમે છે તેનો પરભાવ છૂટી જાય છે ને મોક્ષમાર્ગ પામી તેનો પ્રત્યક્ષ મોક્ષ થાય છે.

सकलकुथितानां पिण्ड क्रिमिकुलकलितं अतीवदुर्गंधम् ।
मलमूत्राणां गृहं, देहं जानीहि अशुचिमयम् ॥८३॥

અર્થ : હે ભવ્ય! તું આ દેહને અપવિત્ર જાણ! કેવો છે એ દેહ? સઘળી કુત્સિત અર્થાત્ નિંદનીય વસ્તુઓનો પિંડ સમુદાય છે. વળી તે કેવો છે? કૃમિ અર્થાત્ ઉદરના જીવ જે કીડી તથા નિગોદિયા જીવોથી ભરેલો છે. અત્યંત દુર્ગંધમય છે તથા મળ-મૂત્રનું ઘર છે.

શરીરને એકલું અશુચિ માને તો દ્વેષ છે. પ્રથમ શરીર ઉપર રાગ હતો. પછી દ્વેષ કરે છે તે અશુચિભાવના નથી. આત્મા પવિત્ર ચિદાનંદમૂર્તિ છે એવી પવિત્રતાની દશાવાળો અપવિત્રતા શરીરમાં રહેલી છે તેનો વિચાર કરે છે. કેવો છે દેહ? નાકના લીંટ, પરસેવા, પેશાબ, ચામડી, ચરબી વગેરેથી ભરેલો છે. સારી મીઠાઈ બનાવી હોય તે મોઢામાં નાખી તુરત બહાર કાઢીને જુએ તો તે ખરાબ માલૂમ પડે છે. માટે બહારના પદાર્થોની ને શરીરની રુચિ છોડીને આત્માની રુચિ કર. શરીરમાં કીડા ને નિગોદના જીવો ભરેલા છે. વળી તે અત્યંત દુર્ગંધવાળું ને મળમૂત્રથી ભરેલું છે. આમ વિચારી અપવિત્ર શરીરથી હું આત્મા છું એમ પવિત્ર ચૈતન્યની ભાવના ભાવતાં એકાગ્રતા વધે છે, તેને સંવર થાય છે. [ ક્રમશઃ ]

—o—

[ આત્માની સેવાનું.........પૃષ્ઠ ૧૫ થી ચાલુ ]

જોડાતા નથી અને કર્મ ખરી જાય છે. આવી પૂર્ણ શુદ્ધતામાં લીન યોગીનો તત્કાળ નિર્વાણ થાય છે, તેને કર્મોનો આસ્રવ થતો નથી. આ તદ્ભવ મોક્ષગામીની વાત થઈ, પણ જેનો મોક્ષ આ ભવે થવાનો નથી તેવા યોગીને અશુભ કર્મોની નિર્જરા થાય છે, પણ જેટલો શુભવિકલ્પ છે તેટલા પ્રમાણના શુભકર્મનો આસ્રવ થાય છે. (ક્રમશઃ)

—o—

# ભવ્યોના કર્ણોને અમૃતરૂપ : જિનવાણી

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ નિયમસાર છે. નિયમ એટલે મોક્ષમાર્ગ, તેને 'સાર' શબ્દ લગાડયો એટલે શુદ્ધ નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તે નિયમસાર છે. તેમાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનની સાથે જે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ હોય તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે.

અરિહંતદેવ, પરમાગમ અને તત્ત્વોની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે, તેનું આ વર્ણન ચાલે છે. તેમાં અર્હંતદેવ અઢાર દોષરહિત ને કેવળજ્ઞાનાદિ સહિત છે તેનું વર્ણન કર્યું. તેમની વાણી તે આગમ છે ને તેમાં જીવાદિ તત્ત્વો કહ્યાં છે. આવા આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધા તે શુભરાગ છે, વ્યવહાર સમ્યક્ત્વ છે. પહેલાં આવા પ્રકારનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. કુદેવાદિને માનવામાં તીવ્ર કષાય છે, તેને તો આત્માની શ્રદ્ધાની પાત્રતા પણ નથી.

વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય બીજા કોઈ દેવ સાચા નથી; આવા આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ કયારે કહેવાય?—કે તે રાગરહિત ચૈતન્યસ્વભાવનું અવલંબન લઈને તેની શ્રદ્ધા કરે ત્યારે સર્વજ્ઞની શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહેવાય. નિશ્ચય શ્રદ્ધામાં તો એકલા ચૈતન્યનું જ અવલંબન છે, પણ તે ભૂમિકામાં—નીચલી દશામાં દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ પણ હોય છે, તે વ્યવહારશ્રદ્ધા છે.

સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય તેની પરીક્ષા કરવી જોઈએ. સર્વજ્ઞ સિવાય બીજા કોઈ દેવ સાચા ન હોય, તે સિવાય બીજાની કોઈની વાણી સાચી ન હોય ને તેણે કહેલાં તત્ત્વો પણ સાચાં ન હોય. એકેક આત્મા સ્વતંત્ર છે, પરિપૂર્ણ છે, ચૈતન્યસૂર્ય છે, તેનામાં સર્વજ્ઞતા પ્રગટવાની તાકાત ભરી છે. આવું કહેનારા સર્વજ્ઞ જ હોય, બીજું કોઈ આમ ન કહે.

વીતરાગદેવની શ્રદ્ધા કરવી તેમાં જે રાગ છે તે વ્યવહાર છે. તે 'નિયમસાર' નથી. નિયમસાર તો ચૈતન્ય પરમાત્માનાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની વ્યવહાર શ્રદ્ધા પણ ખરેખર નિયમસાર નથી, તો પછી કુદેવાદિની શ્રદ્ધા તો કયાંય રહી?

દેવ-શાસ્ત્ર-ગુરુના રાગથી જુદો સ્વભાવ જાણીને તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરે તો તે રાગને વ્યવહાર શ્રદ્ધા કહેવાય છે. પણ જો તે શુભરાગથી ધર્મ માને તો તે વ્યવહાર પણ નથી. એક સમયમાં પરિપૂર્ણ ચૈતન્યભગવાન પોતે છે તેના સ્વીકારપૂર્વક વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુનો રાગ આવ્યો પણ તેને ધર્મ ન માને તો તેને વ્યવહાર કહેવાય

છે. જો રાગથી ધર્મ ન માને તો જ રાગને વ્યવહાર કહેવાય–આ શરત છે. મોક્ષમાર્ગ તો ચૈતન્યસ્વભાવના અવલંબને છે—'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ,' વચ્ચે વ્યવહાર આવે છે તે પરમાર્થે મોક્ષમાર્ગ નથી. 'નિયમસાર' કહીને શુદ્ધરત્નત્રય બતાવ્યાં છે, ને વ્યવહાર રત્નત્રય તે ખરેખર મોક્ષમાર્ગ નથી—એમ બતાવ્યું છે.

પહેલાં સર્વજ્ઞદેવ કેવા હોય તે બતાવ્યું અને પછી તે સર્વજ્ઞદેવની વાણીરૂપ પરમાગમ કેવાં હોય તે બતાવ્યું. હવે શ્લોક દ્વારા તે જિનાગમને નમસ્કાર કરે છે.

[શ્લોકાર્થ:—] જે (જિનવચન) લલિતમાં લલિત છે, જે શુદ્ધ છે, જે નિર્વાણના કારણનું કારણ છે, જે સર્વ ભવ્યોના કર્ણોને અમૃત છે, જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે, તે આ જિનભગવાનનાં સદ્‌વચનને (સમ્યક્ જિનાગમને) હું પ્રતિદિન વંદું છું. ૧૬.

સર્વજ્ઞ પરમાત્મદશા પ્રગટયા પછી હોઠ કે જીભ હલ્યા વગર દિવ્યધ્વનિ છૂટે છે, તેમને ક્રમવાળી વાણી ન હોય. તે વાણી સહજ અને અતિશય પ્રસન્નતા ઉપજાવનારી મનોહર છે, સૌ જીવો પોતપોતાની ભાષામાં તે સમજી જાય છે, ને તે વાણી શુદ્ધ છે એટલે રાગરહિત નિરપેક્ષ સ્વભાવના આશ્રયે જ કલ્યાણ બતાવનારી છે, પણ રાગથી કલ્યાણ બતાવતી નથી. ભગવાન શુદ્ધ છે, ને તેમની વાણી પણ શુદ્ધ છે, રાગને પોષે તે વાણી શુદ્ધ ન કહેવાય.

તે વાણી નિર્વાણના કારણનું કારણ છે. નિર્વાણ એટલે મહા આનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ; તે મોક્ષનું કારણ નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે, અને તે મોક્ષમાર્ગનું કારણ સર્વજ્ઞદેવની વાણી છે. ભગવાને દિવ્યધ્વનિમાં કહ્યું તે સંતોએ અનુભવ્યું અને તેવું જ શાસ્ત્રમાં રચાઈ ગયું છે, તે શાસ્ત્રો મોક્ષમાર્ગનું કારણ છે.

તે વાણી સર્વ ભવ્યજીવોના કાનને અમૃત છે. અભવ્ય જીવ વીતરાગની વાણી સાંભળવા માટે નાલાયક છે. ભવ્ય કરતાં અભવ્ય જીવો અનંતમા ભાગે છે; તે અભવ્ય જીવોની અહીં વાત નથી. અહીં તો ભવ્ય જીવોની જ વાત છે. ભવ્ય જીવોને ભગવાનની વાણી કહે છે કેઃ હે જીવ! તું પરમાનંદમૂર્તિ ભગવાન છો, ક્ષણિક વિકારનું શરણ છોડ ને સ્વભાવનું શરણ લે, તો તારા સ્વભાવના શરણે તું ભગવાન થઈશ–એમ ભગવાનની વાણી ભવ્યજીવોના કાનમાં અમૃત રેડે છે. સાંભળનારા જીવોને ચૈતન્યની વાત અમૃત જેવી લાગે છે. માટે વીતરાગની વાણી પણ અમૃત છે. મારાથી તારું કલ્યાણ થાય એમ ભગવાન નથી કહેતા, પણ તારા સ્વભાવથી તારું કલ્યાણ થાય–એમ ભગવાન સ્વાશ્રય બતાવીને અમૃતનો ધોધ ભવ્ય જીવોના કાનમાં રેડે છે. અમૃત એટલે મરણ વગરનો ચૈતન્ય આત્મા, તેને ભગવાનની વાણી બતાવે છે, તેથી તે વાણી અમૃત છે.

જે જીવે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તેને ભગવાનની વાણી કારણ કહેવાય છે. કાર્ય હોય તેનું કારણ કહેવાય ને? મોક્ષમાર્ગ પ્રગટ કરે તેને ભગવાનની વાણી નિમિત્ત કહેવાય છે. આત્માને સમજે તેના કાનમાં ભગવાનની વાણીએ અમૃત રેડયું એમ કહેવાય છે.

અજ્ઞાનભાવથી ભવભવરૂપી ભઠ્ઠીમાં જીવ સળગી રહ્યો છે, તેને શમાવવા માટે ભગવાનની વાણી જળ સમાન છે. અરે જીવ! તું શાંત થા, તારા ચૈતન્યનું શરણું લે, તને તારા ચૈતન્યના શરણે જ શાંતિ છે. એમ ચૈતન્યનું શરણ કરાવીને ભગવાનની વાણી ભવભવના દાવાનળને શાંત કરે છે. એટલે કે ભવનો નાશ કરાવે છે. અરે જીવ! ભવનો ભાવ તારું સ્વરૂપ નથી, ભવરહિત તારો સ્વભાવભાવ છે, એમ ચૈતન્યસ્વભાવ બતાવીને વીતરાગની વાણી ભવભવના ઉગ્ર દાવાનળનો નાશ કરનારી છે.

વળી વીતરાગવાણી જૈન યોગીઓ વડે વંદ્ય છે. સ્વભાવનો આશ્રય કરીને રાગને જેણે જીત્યો છે, ને સ્વભાવમાં જોડાણરૂપ રાગ કર્યો છે–એવા જીવને જૈનયોગી કહેવાય છે. એવા જૈનયોગીઓ વડે જિનવાણી સદા વંદ્ય છે.

પરિપૂર્ણ અખંડાનંદી આત્મા છે, તેમાં અનંત ગુણો છે, તેની પર્યાયમાં ક્ષણિક વિકાર છે, તે સ્વભાવના આશ્રયે ટાળીને પરમાત્મદશા પ્રગટ થાય છે—આવું બતાવનારી જિનવાણી સદા જૈનયોગીઓ વડે વંદ્ય છે.

ટીકાકાર પદ્મપ્રભ મુનિરાજ કહે છે કે: તે જિનભગવાનનાં સમ્યક્ વચનોને હું પ્રતિદિન વંદું છું—એ પ્રમાણે સર્વજ્ઞ દેવની વાણીરૂપ આગમનું સ્વરૂપ બતાવીને તેને નમસ્કાર કર્યા.

આપ્ત, આગમ ને તત્ત્વોની શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું હતું, તેમાંથી આપ્ત અને આગમનું વર્ણન પૂરું થયું ॥ ૮ ॥

હવે સર્વજ્ઞદેવની વાણીમા કહેલાં છ દ્રવ્યોનું વર્ણન આ ગાથામાં કરે છે.

જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ–એ
ભાખ્યાં જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.

અર્થ:–જીવો, પુદ્ગલકાયો, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ—એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ વિવિધ ગુણ-પર્યાયોથી સંયુક્ત છે. ૯.

સર્વજ્ઞ સિવાય આવાં છ દ્રવ્યો ભિન્ન ભિન્ન કોઈ જાણી શકે નહિ. છ દ્રવ્યો અને તેમના ગુણ–પર્યાયોની વ્યાખ્યા સર્વજ્ઞની વાણી સિવાય બીજે હોય નહિ. છ એ દ્રવ્યો પોતપોતાના ગુણપર્યાયો સહિત છે. કોઈના ગુણ–પર્યાયો કોઈને લીધે નથી.

(૧) જગતમાં જીવો અનંતા છે. સિદ્ધ ભગવંતો અનંત છે ને બટાટાની એકેક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર ને એકેક શરીરમાં સિદ્ધો કરતાં અનંતગુણા જીવો છે. આ વાત તો જીવતત્ત્વની વ્યવહારશ્રદ્ધામાં આવી જાય છે.

(૨) જીવો કરતાં પુદ્ગલકાયો અનંતગુણા છે. જગતમાં વસ્તુઓ સત્ છે. 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા'—એમ નથી.

(૩) જીવ-પુદ્ગલ સિવાય ધર્માસ્તિકાય નામનું એક દ્રવ્ય છે. તે આખા લોકમાં વ્યાપક છે; ને જીવપુદ્ગલ ગતિ કરે ત્યારે તેને નિમિત્ત થાય છે.

(૪) અધર્માસ્તિકાય તે પણ લોકમાં વ્યાપક એક દ્રવ્ય છે. ગતિ કરતા જીવ-પુદ્ગલ જ્યારે સ્થિર થાય ત્યારે તેને આ દ્રવ્ય નિમિત્ત થાય છે.

(૫) કાળ નામના અસંખ્ય દ્રવ્યો લોકમાં છે. તે અન્ય દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત છે.

(૬) આકાશદ્રવ્ય છે તે સર્વવ્યાપક છે.

આ છએ દ્રવ્યો તે તત્ત્વાર્થ છે અને તેઓ પોતપોતાના વિવિધ ગુણ-પર્યાયો સહિત છે. દરેક દ્રવ્ય પોતે ત્રિકાળી શક્તિવાળું અને સમય સમયની વિવિધ પર્યાયવાળું છે. કોઈ બીજાને લીધે તેની પર્યાય કે તેના ગુણ નથી. આંગળી ચાલે તે પુદ્ગલની પર્યાય છે, પુદ્ગલો સ્વયં તેની વિવિધ પર્યાયવાળાં છે, કોઈને લીધે તેની પર્યાય થતી નથી.

આ ગાથામાં મતિજ્ઞાનાદિને વિભાવગુણ કહેશે—ગુણમાં શુદ્ધ ગુણ અને વિભાવગુણ એમ બે પ્રકાર લેશે. મૂળ સૂત્રમાં "વિવિધ ગુણપર્યાય સહિત" એમ આચાર્યદેવે કહ્યું છે તેમાંથી 'કારણ શુદ્ધ જીવ' ને 'કાર્ય શુદ્ધ જીવ' વગેરેનું અદ્ભુત વર્ણન ટીકામાં કાઢશે.

[ ક્રમશઃ ]

પુણ્ય-પાપના પરિણામથી ચૈતન્ય ભગવાન ભિન્ન છે પણ જે જીવ હજુ પઠન-પાઠન-ચિંતવન-સ્તુતિ આદિ શુભભાવમાં પણ આવ્યો નથી ને એકલા અશુભમાં જ રચ્યો-પચ્યો રહે છે તેને શુભાશુભથી ભિન્ન ભગવાન આત્મા છે એ બેસે ક્યાંથી? શુભભાવો પણ પરમાર્થે છે તો ઝેરરૂપ-દુઃખરૂપ પણ એ ભાવ આવ્યા વિના રહેતાં નથી. —પૂજ્ય ગુરુદેવ

[ ટાઈટલ બેથી ચાલુ ]

જ્યારે સોનગઢમાં સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું ત્યારે એક ભાઈએ ભક્તિની ધૂનપૂર્વક ગાયું હતું—

મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલઃ મધુરઃ,
મધુરાધિપતિ-ગુરુદેવસ્ય સર્વં મધુરં.

આત્મા મધુરઃ, સ્વાનુભવ મધુરઃ, વૈરાગ્ય મધુરં,
જ્ઞાનં મધુરં, દર્શન મધુરં, વર્તન મધુરં;
મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલઃ મધુરઃ,
મધુરાધિપતિ-ગુરુદેવસ્ય સર્વં મધુરં.

જ્ઞાયક મધુરઃ, લગની મધુરા, વક્તા મધુરઃ,
પઠનં મધુરં, મનનં મધુરં, ધ્યાનં મધુરં;
મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલઃ મધુરઃ,
મધુરાધિપતિ-ગુરુદેવસ્ય સર્વં મધુરં.

સ્વર્ણપુર મધુર, સ્વાધ્યાયમંદિર મધુરં, તીર્થં મધુરં,
પ્રવચન મધુરં, ભક્તિ મધુરા, ચર્ચા મધુરા;
મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલઃ મધુરઃ,
મધુરાધિપતિ-ગુરુદેવસ્ય સર્વં મધુરં.

ગીત લાંબું હતું, ધૂનવાળું હતું. તે ભાઈ તત્કાળ શબ્દો જોડી જોડીને ગાતા હતા. સાંભળીને મુમુક્ષુઓ ખૂબ પ્રમુદિત થયા હતા. ગીતના—ધૂનના—શબ્દો પૂરા યાદ નથી, ભાવ ખ્યાલમાં છે.

પૂજ્ય ગુરુદેવે સમ્યગ્દર્શનની જે મધુર અર્થાત્ મંગળ પરિણતિ પ્રગટ કરી તેનો પ્રસાર બધે પ્રવહી સર્વને મંગળ, સર્વને ધન્ય ને સર્વને મધુર બનાવી દે છે. મુમુક્ષુ જીવો, તેમનાં બધાં વર્તનની અંદર, તેમના બધા જીવનપ્રસંગોની અંદર મધુરતાનું સંવેદન કરતાં આનંદ અનુભવે છે. સુવર્ણમાંથી માત્ર સુવર્ણમય જ દાગીના થાય તેમ સમ્યગ્દર્શનરૂપી સુવર્ણ પરિણતિ થતાં તેમના બધાય જીવનપ્રસંગો સુવર્ણમય એટલે કે આનંદદાયક, કલ્યાણકારી અને મુમુક્ષુઓને પ્રેરણાદાયી થાય છે. એ રીતે પૂજ્ય ગુરુદેવની સર્વ પરિણતિ, પૂજ્ય ગુરુદેવના સર્વ જીવનપ્રસંગો આપણને પ્રમુદિત કરે છે.

આપણે અહીં જ્યાં બેઠાં છીએ તે પૂજ્ય ગુરુદેવની જન્મભૂમિ છે. અહીં જ્યાં આરસનું આ સ્વસ્તિક-અંકિત કમળ રાખવામાં આવ્યું છે ત્યાં પૂજ્ય ગુરુદેવનો પાવન

જન્મ થયો હતો. અહીં તેઓ અનેક વાર રમ્યા હતા, અનેક ધાર્મિક વિચારો તેમણે અહીં કર્યા હતા. 'કહાનગુરુ-જીવનદર્શન' નાં ૧૨ ચિત્રોમાંનું એક ચિત્ર એ છે કે— એક બાજુ પિતાજી બેઠા છે, બીજી બાજુ માતાજી વહાલસોયા પુત્રને હિંચોળે છે, એવી એક જોષી જોવા આવે છે અને કહે છે કે 'આ પુત્ર કોઈ અસાધારણ પુરુષ થશે'. તે ચિત્ર જે સ્થાનનું છે તે પવિત્ર સ્થળમાં અત્યારે આપણે બેઠાં છીએ. બીજું એક ચિત્ર ધૂડીનિશાળનું છે, જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રીએ શિક્ષણનો પ્રારંભ કર્યો હતો. તેમના શિક્ષણનો પ્રારંભ 'सिद्धो वर्णसमाम्नायः'—અક્ષરોની આમ્નાય અનાદિ સ્વયંસિદ્ધ છે— એ સૂત્રથી થયો હતો. તે ધૂડીનિશાળ પણ અહીં છે. એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની બાલ્યાવસ્થાના ઘણા પ્રસંગો આ ભૂમિ સાથે સંકળાયેલા છે, જે યાદ કરી આપણે આનંદિત થઈએ છીએ.

ગુરુદેવ કહેતા હતા કે—એક જૈન સાધુ અહીં આવ્યા હતા. જૈનશાળાનાં પગથિયાં ઊતરતાં પોતે તે સાધુને વૈરાગ્યની મસ્ત ચાલમાં જતા જોયા. તેમની વૈરાગ્ય-મુદ્રા જોઈને પોતાને અસર થઈ ગઈ : વાહ જીવન! કેવું નિસ્પૃહ જીવન! કેવું વૈરાગી જીવન! ખરેખર આવું જીવન જીવવા જેવું છે—એવા વૈરાગ્યમય વિચાર પણ પૂજ્ય ગુરુદેવને ઉમરાળાની આ ભૂમિમાં આવ્યા હતા.

બીજી એક વાત તેઓ કહેતા હતા કે પાડોશમાં રહેતા ભુંભલીના એક બ્રાહ્મણ— મૂળજી મામા—અબોટિયું પહેરીને નહાતાં નહાતાં રોજ ગાતા હતા :

અનુભવીએ એકલું રે આનંદમાં રહેવું રે;
ભજવા પરિબ્રહ્મ ને બીજું કાંઈ ન કહેવું રે.

અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે;
ભજવા પરિબ્રહ્મ ને બીજું કાંઈ ન કરવું રે.

આ રીતે પૂજ્ય ગુરુદેવનું મન પહેલેથી જ કેટલું વૈરાગી હતું કે જેથી બાળપણની અંદર 'ભજવા પરિબ્રહ્મ ને બીજું કાંઈ ન કહેવું રે' એ વાત તેમને યાદ રહી ગઈ! તે વાત તેમણે જીવનમાં આચરી, અને સાચો પરિબ્રહ્મ અર્થાત્ શુદ્ધ આત્મા કે જેના આશ્રયથી મોક્ષ પ્રગટ થાય છે તે જ્ઞાયક પરબ્રહ્મનો તેમણે જગતમાં ડંકો બજાવ્યો.

આપણે બસમાંથી ઊતરીને અહીં આવતાં રસ્તામાં જે રાજ-ઉતારા પાસેથી પસાર થયાં હતાં, તે ઉતારામાં મોટી ધામધૂમથી ગુરુદેવની સ્થાનકવાસી જૈન સાધુ તરીકેની દીક્ષાવિધિ થઈ હતી.

આ રીતે પૂજ્ય ગુરુદેવના અનેક જીવનપ્રસંગો સાથે સંકળાયેલ આ ભૂમિમાં આવતાં આપણને અતિ આનંદ થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીના એ પ્રસંગોમાંથી પ્રેરણા મેળવી આપણે આપણા કલ્યાણનો પંથ નક્કી કરીએ અને તે પંથે ચાલવા પુરુષાર્થ કરીએ. પૂજ્ય ગુરુદેવ (ધ્યેયના જોરપૂર્વક) જે એક સાધ્યના લક્ષે જીવન જીવ્યા હતા તે સાધ્યને આપણે સદા લક્ષમાં રાખીએ; 'ભજીને ભગવંત ભવંત લહો'—ભગવાનને ભજવાનું પ્રયોજન એ છે કે ભવનો અંત કરવો—તે, ગુરુદેવના અંતરની પ્રિય વાત આપણે કદી ચૂકીએ નહિ, તે જીવનરાહ પર આપણે હંમેશાં ચાલીએ અને પૂજ્ય ગુરુદેવના સાચા ભક્તો કહેવડાવીએ; તેમણે કહેલું તત્ત્વ ગ્રહીએ અને તે તત્ત્વની સાથે સાથે આપણે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિથી ભીનું હૃદય રાખીએ.

એ રીતે નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક જીવન જીવતાં—એ બેના સુમેળરૂપ તરણકળાથી આપણું જીવનનાવ તારતાં—આપણે ભવસાગર તરી જઈએ; આપણને ગુરુદેવનો જે દુર્લભ યોગ મળ્યો તથા ગુરુદેવે આપણને જે શીખવ્યું, તેને આપણે સાર્થક કરીએ; અને અનંત અનંત કાળથી જે નથી કર્યું તેવું કાંઈક કરીએ, જેથી પરિભ્રમણનાં અનંત અપાર દુઃખનો અંત આવે.

હવે જન્મધામના આ જિનમંદિરમાં જે જિનેન્દ્રભગવંતો બિરાજે છે તેમની અને ત્યાર પછી પૂજ્ય ગુરુદેવશ્રીની આપણે ભક્તિ કરીશું.

[પછી સમૂહભક્તિ થઈ હતી.]

—※—

શ્રી વાદિરાજ મુનિરાજ ભૂતકાળના દુઃખને યાદ કરતાં કહે છે કેઃ—

" જનમ જનમકે દુઃખ સહે સબ તે તુમ જાનો,
યાદ કિયે મુઝ હિયે લગે આયુધસે માનો. "

(એકીભાવસ્તોત્ર)

હે પ્રભુ! મેં અનાદિકાળથી આજ પર્યંત જનમ-જનમના જે દુઃખ સહ્યા છે તે આપ જાણો છો, એ દુઃખને યાદ કરતાં મારા હૈયે આયુધની જેમ ઘા વાગે છે. આહાહા! આનંદમાં ઝૂલતાં મહા સંત જ્યારે આમ કહે છે તો ચારગતિના એ દુઃખના વેદનનું શું કહેવું? હે જીવ! જો આત્મકલ્યાણ માટે ઉદ્યમી નહીં થા તો માથે એ દુઃખ ઊભા જ છે. —પૂજ્ય ગુરુદેવ

[ સુવર્ણપુરી સમાચાર... ટાઈટલ ૩ થી ચાલુ ]

આ ગુરુજન્મજયંતિના અવસર પર મુમુક્ષુ મહેમાનો માટે પૂજ્ય ભગવતીમાતાના ગુરુભક્ત હૃદયથી પ્રસ્તુત 'કહાનગુરુ જીવન દર્શન'ના મનોહર તથા ભવ્ય ૧૨ ચિત્ર કે જેણે સ્વાધ્યાય મંદિરમાં પોતાનું સ્થાન સ્થાઈ કરી લીધું છે—ખાસ જોવાલાયક વસ્તુ હતી. તદઉપરાંત પૂજ્ય ગુરુદેવના નિવાસ સ્થાનમાં, સ્વાધ્યાય મંદિરના વિશાળ પ્રવચન હોલમાં [ પૂજ્ય ગુરુદેવના ભાવવાહિ નયનાભિરામ સ્ટેચ્યુ પાસે ] તથા પરમાગમ મંદિરમાં [ પૂજ્ય ગુરુદેવના પ્રવચન સ્થળ પર ] લગાવેલ પૂજ્ય ગુરુદેવના કુંકુમવર્ણથી મનોહર 'પદ-ચિહ્ન' તથા '૯૧' અંક અંકિત તથા પૂજ્ય ગુરુદેવ અને 'ઉમરાળા જન્મસ્થાન'ની સુંદર છબીયુક્ત '૯૧' બીજની 'વંદનવાર' અને કાચથી બનાવેલ 'ॐ'ની બંને બાજુ રાખેલી દર્પણકાચની વિશાળ 'બીજ' પણ બધાનાં ચિત્તને આકાર્ષત કરતી હતી. મનોહર 'પદચિહ્ન'ના દર્શનથી એવું જ લાગતું હતું કે જાણે પૂજ્ય ગુરુદેવ સંકેત કરી રહ્યા છે કે જો કલ્યાણ સાધના પ્રાપ્ત કરવી હોય તો આ 'પદ-ચિહ્ન'નું અનુસરણ કરો; ક્યાંય પણ પથભ્રષ્ટ ન થશો અને બીજની 'વંદનમાળા' એ વાતનું સૂચન કરતી હતી કે 'કહાન બીજ' તુરત જ (ચાર ભવ પછી) ધાતકી ખંડના વિદેહક્ષેત્રના ભાવિ તીર્થંકરરૂપ [ વીતરાગ સર્વજ્ઞરૂપ ] પૂર્ણિમાની પ્રાપ્ત થઈ જશે. બધી જ દર્શનીય ચીજોમાં પૂજ્ય બહેનશ્રીનાં હૃદયમાં વસેલી ગુરુ-ભક્તિના દર્શન થતા હતા.

આ ઉત્સવના દિવસોમાં આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ [ -પૂજ્ય બહેનશ્રીના ભાઈ ] દ્વારા ભક્તિના સમયે પ્રસ્તુત કરવામાં આવેલા બહેનશ્રી દ્વારા રચિત ગુરુ મહિમા તથા અસાધારણ ભક્તિરસથી ભરપૂર ભજન મુમુક્ષુ સમાજને પૂજ્ય ગુરુદેવની પ્રતિ ઉપકૃતતાના અહોભાવમાં મગ્ન તથા આનંદીત કરતા હતા.

વૈશાખ સુદ એકમને દિવસે ગુરુજન્મધામ ઉમરાળાની પાવન યાત્રા રાખવામાં આવી હતી. સવારે મંડલવિધાન પૂજા પછી ૧૯ બસ તથા ૩ મોટર દ્વારા પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ઉમરાળા પહોંચતા જ યાત્રાસંઘનું જુલૂસના સ્વરૂપમાં 'સ્વાગત' કરવામાં આવ્યું હતું. તે પછી આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહે જન્મધામને અનુરૂપ પૂજ્ય ગુરુદેવની બાલ્યાવસ્થાનું ટૂંકુ અને મનોહર વર્ણન કર્યું હતું, અને સાથે જ 'જ્ઞાનં મધુરં' 'દૃષ્ટિર્મધુરા' 'ચારિત્રં મધુરં' 'વીર્યં મધુરં' 'વાણી મધુરં' 'આસનં મધુરં' 'ધ્યાનં મધુરં'—મધુરાધિપતિ-કાનજીસ્વામિનઃ સર્વં મધુરં, 'અખિલં મધુરં' વગેરે વિવિધ શબ્દોથી પૂજ્ય ગુરુદેવના જીવન માધુર્યનું રસપાન કરાવ્યું હતું. અશ્રુતપૂર્વ મધુરાવલીને સાંભળીને ઉપસ્થિત મુમુક્ષુ આનંદથી રોમાંચિત થઈ ગયાં હતા. તે પછી 'જિનેન્દ્રભક્તિ' તથા 'ગુરુભક્તિ' કરવામાં આવી હતી. વઢવાણની સંગીત મંડળીએ પણ ગુરુભક્તિ કરાવી હતી.

જન્મજયંતીના મંગળ દિવસે 'ગુરુદર્શન,' 'જન્મવધાઈ' તેમ જ 'મંડલવિધાન પૂજા' પછી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને સ્વાધ્યાય મંદિરમાં પરમપૂજ્ય ગુરુદેવના સ્ટેચ્યુ સમક્ષ ભાવભીની ગુરુભક્તિ કરાવી હતી. ત્યારબાદ કાઢવામાં આવેલી પ્રભાત ફેરીમાં વિશાળ મુમુક્ષુ સમુદાયે હર્ષોલ્લાસ સાથે ભાગ લઈને પૂ ગુરુદેવની પ્રત્યે ભક્તિભાવથી અધ્યાત્મસાધનાધામનું વાયુમંડલ આનંદિત કરી દીધું હતું. વઢવાણ તેમજ ઘાટકોપરની દિગંબર જૈન ભજનમંડળીએ ઉત્સવની શોભામાં પોતાના ભક્તિ-ભીના સુર પૂરાવ્યા હતા. પૂ ગુરુદેવના ટેપ પ્રવચન પછી શ્રી હિંમતભાઈ ડગલી, સમસ્ત દક્ષિણ ભારતના મુમુક્ષુઓ તરફથી મદ્રાસ નિવાસી શ્રી શાંતિલાલ છગનલાલ શાહ તેમજ ઉત્તર ભારત દિગબંર જૈન મુમુક્ષુ મંડળના અધ્યક્ષ આગ્રા નિવાસી શ્રી પદ્મચંદજી શર્રાફે પૂ. ગુરુદેવ પ્રત્યે પોતાની યથાયોગ્ય ભાવાંજલિ સમર્પિત કરી હતી. મદ્રાસ નિવાસી શ્રી ધીરૂભાઈ સપાણીએ પણ પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

બપોરે શાસ્ત્રસભા તેમજ ગુરુભક્તિ પછી આ મંગળમય જન્મજયંતી મહોત્સવની સમાપન વિધિ સમયે દક્ષિણ ભારતના મુમુક્ષુઓની તરફથી સર્વ શ્રી શાંતિભાઈ સી. શાહ, મણીભાઈ, ધીરૂભાઈ સપાણી, ગુલાબભાઈ સી. શાહ આદિ અનેક મહાનુભાવોએ ઉભા થઈને ઉત્સવની સફળતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. હૈદ્રાબાદ નિવાસી શ્રી ગુલાબભાઈ સી. શાહે પોતાનો આનંદ વ્યક્ત કરતા કહ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવથી તેમજ પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રીના મંગળ આશીર્વાદથી અમારા નગરમાં શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળની નવી સ્થાપના થઈ છે અને ટૂંક સમયમાં જ દર્શન તેમજ સ્વાધ્યાયને માટે એક નૂતન ભવ્ય દિગંબર જિનમંદિર નિર્માણ કરવા માટે મુમુક્ષુ મંડળની તીવ્ર ભાવના છે.

સાંજની 'ગુરુભક્તિ' તેમજ ટેપ-પ્રવચન બાદ મુમુક્ષુ મહિલામંડળ દ્વારા સ્વાધ્યાય મંદિરમાં પૂજ્ય ગુરુદેવના સ્ટેચ્યુ સન્મુખ કરેલી ભક્તિ ઉલ્લાસથી તરબોળ 'ગુરુભક્તિ' પછી ૯૬ મી 'ગુરુ જન્મજયંતી'નો આ આનંદદાયી મંગલ મહોત્સવ અનેકવિધ મનોજ્ઞ કાર્યક્રમપૂર્વક સમાપ્ત થયો હતો.

આ ઉત્સવના અવસર પર પુસ્તક વેચાણ વિભાગમાં ૪૦ % ડીસ્કાઉન્ટ નીચે પ્રમાણે જાહેર કરવામાં આવ્યું હતું:– ૨૫ % શ્રી ડાહ્યાભાઈ પુંજારામ (મુનઈ) હસ્તે શ્રી મહેન્દ્રભાઈ, ૧૦ % ડિસ્કાઉન્ટ મેઘાણી ભાઈઓ હસ્તે શ્રી જયવંતભાઈ (મલાડ) તેમજ ૫ % ડિસ્કાઉન્ટ શ્રી કુલચંદભાઈ અવલાણી (મલાડ) તરફથી હતું.

આ શુભ અવસર પર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી તેમજ મુનઈ નિવાસી શ્રી ડાહ્યાલાલ પુંજારામ હસ્તે શ્રી મહેન્દ્રભાઈ ડી. શાહ (બોરીવલી) તરફથી ૨૫% ડીસ્કાઉન્ટ પૂ. ગુરુદેવશ્રીના ટેપ પ્રવચન પર જાહેર કરવામાં આવ્યું હતું.

૯૬મી 'ગુરુ જયંતી 'ના ઉપલક્ષમાં ૬૭૦×૯૬ = ૬૪૩૨૦-૦૦ તથા પ્રભાત ફેરીની બોલીમાં રૂ. ૮૧૦૦-૦૦ આ પ્રમાણે કુલ રૂ. ૭૨૪૨૦-૦૦ની સંસ્થાને આવક થઈ હતી.

૯૬મી જન્મજયંતીની શુભ અવસરે કાયમી મંડલવિધાનપૂજા (૧) પ્રશમ મૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા કેટલાક બ્રહ્મચારી બહેનો (૨) શ્રી જડાવબહેન નાનાલાલભાઈ જસાણી તથા તેમનો પરિવાર અને (૩) શ્રી પુરુષોત્તમદાસ બોઘડદાસ તથા શ્રી ઝવેરીબહેન પુરુષોત્તમદાસ કામદારના પરિવાર તરફથી તથા પ્રાસંગિક ચોસઠઋદ્ધિમંડલવિધાન પૂજા (૧) શ્રી ભાઈલાલભાઈ ઘેલાભાઈ (મદ્રાસ) (૨) શ્રી વિમળાબહેન સારાભાઈ શાહ (મુંબઇ) તથા (૩) શ્રી દક્ષિણ ભારતના મુમુક્ષુવૃન્દ તરફથી રાખવામાં આવી હતી.

જન્મોત્સવના દિવસોમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણોમાં તથા 'હાર' રૂપે આવેલી રકમ રૂ. ૧૫૦૦૦-૦૦ શ્રી નંદીશ્વર જિનાલય ખાતે જાહેર કરવામાં આવી હતી.

—આ રીતે પૂજ્ય ગુરુદેવની પવિત્ર સાધના ભૂમિ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તથા દેવગુરુના વિશિષ્ટ ભક્તિ વિગેરેના નિશ્ચય-વ્યવહારના સુમેળરૂપે પુનિત વાતાવરણથી તથા યાત્રિકોના આવાગમનથી સદાય ગુંજતી રહે છે. આ પવિત્ર ભૂમિના દર્શન અને સાધના પ્રેરક પ્રશાન્ત વાયુમંડલથી આવેલ યાત્રીગણ વિશેષ પ્રભાવિત અને પ્રમોદિત થાય છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ ચૈતન્ય ધ્રુવધામનો મહિમા બતાવતી, ધ્રુવનું રટણ કરાવતી તેઓશ્રીની આધ્યાત્મિક વાણીથી ગૂંજી રહી છે. તેઓશ્રીની વાણીના ઊંડાણથી અધ્યાત્મપ્રેમી જિજ્ઞાસુઓના ચિત્તમાં હજુ પણ નંદીશ્વર-જિનેન્દ્રપ્રતિષ્ઠામહોત્સવના મંગલ પ્રસંગો ગૂંજી રહ્યા છે. તે પ્રસંગે નાના-મોટા સર્વે મુમુક્ષુઓએ પોતાની શક્તિ મુજબ તન-મન-ધનથી લાભ લીધો હતો. આ મંગલ મહોત્સવ પ્રસંગે શ્રી જૈન સ્વા. મંદિર ટ્રસ્ટના માનદ્ મેનેજર શ્રી ધીરૂભાઈ બોરડીયાએ અથાગ પરિશ્રમ લઈને જનરલ વ્યવસ્થા શોભાવી હતી. તદુપરાંત શ્રી રસીકભાઈ જગજીવનદાસ ( સુરેન્દ્રનગર ) અને તેમના ભાઈઓએ, શ્રી કિરીટભાઈ જગજીવનદાસ દોશી ( સાવરકુંડલાવાળા ) અને તેમના ભાઈઓએ; વિપુલભાઈ શાંતિલાલ મોદી ( ઘાટકોપર ), સુભાષભાઈ ( વાંકાનેર ), જિનેશભાઈ દોશી ( રાજકોટ ) આદિ અનેક કાર્યકરોએ અત્યંત ખંતપૂર્વક આ માંગલિક પ્રસંગની વિભિન્ન વ્યવસ્થા સંભાળીને પ્રશંસાનીય સેવા આપી હતી.

આ માંગલિક પ્રસંગનો લાભ લેવા માટે ન્યુયોર્કથી સહકુટુંબ આવેલા ડો. શ્રી રમેશભાઈ મગનલાલ શાહ ( બરવાળાવાળા ) એ જન્માભિષેકના પ્રથમ સુવર્ણકળશનો

લાભ લીધો હતો. તેમજ જન્માભિષેકના સુવર્ણ કળશનો લાભ બોટાદવાળા મંજુલાબેન શીવલાલ ડગલીને પણ પ્રાપ્ત થયો હતો. જળયાત્રાના સુવર્ણકળશનો લાભ શ્રી ચંદુલાલ જગજીવન પારેખને મળ્યો હતો.

આ માંગલિક પ્રસંગે ઉપસ્થિત સમસ્ત મુમુક્ષુઓને સ્વામીવાત્સલ્યભોજન આપવાનો લાભ ( ગતાંકમાં જણાવ્યા ઉપરાંત ) શ્રી ચંદ્રકાંત હરીલાલ દોશી, શ્રી નૌતમલાલ હરીલાલ દોશી, શ્રી મોહનલાલ બેચરદાસ મોદી, શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન અને શ્રી શામજીભાઈ જૈન ( ગોરેગાંવ ), શ્રી મંજુલાબેન શીવલાલ ડગલીને મળ્યો હતો.

પ્રતિષ્ઠામહોત્સવ દરમિયાન સવારે તથા રાત્રે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-રસસભર તત્ત્વજ્ઞાન અને ભક્તિ પ્રેરક પ્રસંગોચિત ટેપ-પ્રવચનો રાખવામાં આવતા હતા, જે સાંભળતાં મુમુક્ષુસમાજને ગુરુસાન્નિધ્યનો-ગુરુદેવશ્રીની સાક્ષાત્ મંગલમય ઉપસ્થિતિનો ભાસ થતો હતો. પ્રતિષ્ઠાના પ્રથમ દિવસે ઈન્દ્રોની મુખ્ય ઉછામણી પહેલાંના ટેપ-પ્રવચનમાં 'ધર્મ-પ્રભાવનાદિના કાર્યમાં દાન-સંબંધી શ્રાવકોનું કર્તવ્ય,' દીક્ષા-કલ્યાણક પ્રસંગે 'દીક્ષા પૂર્વે તીર્થંકરોની બાર-ભાવનાઓનું ચિંતવન,' કેવળજ્ઞાન-કલ્યાણક પ્રસંગે દિવ્યધ્વનિનો સંદેશ 'અનંતા સિદ્ધોને તારામાં સ્થાપીએ છીએ; તું પણ અનંત સિદ્ધોને તારામાં સ્થાપીને તું પરમાત્મા છો એમ નક્કી કર એટલે તું પણ સિદ્ધપણાને પામશે જ, જરૂર પામશે જ;'-ઈત્યાદિ પ્રસંગોચિત કૃપાળુ ગુરુદેવનું સાક્ષાત્ સંબોધન પામીને, "પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે"-પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના આ હૃદયોદ્ગારનો મર્મ સૌને અનુભવાતો હતો. પ્રસંગોચિત ટેપ-પ્રવચનોનું કાર્ય જિતુભાઈ તથા દીપકભાઈએ સાવધાનીપૂર્વક ભક્તિભાવે સંભાળ્યું હતું.

બપોરે તેમ જ રાત્રે વિદ્વાનભાઈ શ્રી હિમંતભાઈ ડગલી, શશીકાંતભાઈ શેઠ, ડૉ. પ્રવિણભાઈ દોશી તથા પ્રાણભાઈ કામદાર આદિના મોક્ષમાર્ગમાં તત્ત્વ સાથે હોવા-વાળી દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા સમજાવતાં ભક્તિસભર પ્રવચન ઉપસ્થિત મુમુક્ષુઓને આનંદ વિભોર કરી દેતા હતા. —તંત્રી

—o—

દેહ-ધન-કુટુંબ આબરું આદિના અશુભ કોલાહલમાં રોકાયો છે તેની તો શું વાત! પણ જે શુભના કોલાહલમાં રોકાઈ ગયો છે તેને આચાર્યદેવ કહે છે કે ભાઈ! એ શુભના કોલાહલથી પણ વિરક્ત થા, ને છ માસ નિશ્ચલ થઈ આત્માનો અભ્યાસ કર. ધ્રુવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદની સન્મુખ એકાગ્રતાનો અભ્યાસ કર તો જરૂર આત્મપ્રાપ્તિ થશે જ. —પૂજ્ય ગુરુદેવ

## વૈરાગ્ય સમાચાર :—

* રસનાળનિવાસી ( હાલ પાર્લા ) શ્રી સમરતબેન પુંજલાલ શેઠ ( વર્ષ-૭૩ ) તા. ૮-૧૨-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી ( હાલ કલકત્તા ) શ્રી [illegible] શાંતિલાલ શાહ ( વર્ષ-૬૯ ) તા. ૨૨-૧૨-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી કમળાબેન શાહ કે જે છેલ્લા ૩૫ વર્ષથી જડાવબેન ઉજમશી સાથે સોનગઢ રહીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા તે તા. ૨૨-૧૨-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી સ્વ. શ્રી રામજીભાઈ દેવરાજના માતુશ્રી મોંઘીબેન ( વર્ષ-૮૧ ) તા. ૨૫-૧૨-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી તારાચંદજી બડજાત્યા (રાજશ્રી [illegible])ના માતુશ્રી શ્રીમતી ગેંદીબાઈ મોહનલાલજી બડજાત્યા તા. ૧૩-૧-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી ડૉ. છબીલભાઈ જે. શાહના માતુશ્રી શ્રી મણીબેન ( વર્ષ-૮૨ ) તા. ૧૬-૧-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચોટીલાવાળા શ્રી મણીલાલ મગનલાલ શાહ તા. ૧૭-૧-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મલકાપુરનિવાસી ( હાલ-સોનગઢ ) બ્ર. શ્રી રમેશભાઈના પિતાશ્રી રતનલાલ [illegible]લાલ ( વર્ષ-૭૨ ) તા. ૨૫-૧-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૬૩ વર્ષો સોનગઢ રહીને કૃપાળુ ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* ઘાટકોપરના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશીના ધર્મપત્ની [illegible]બેન ( વર્ષ-૬૫ ) તા. ૩-૨-૮૫ ના રોજ જ્ઞાયકનું રટણ કરતાં કરતાં સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રીમતી કમળાબેન પ્રેમચંદ ગુલાબચંદ જેબાળીયા ( વર્ષ-૬૯ ) તા. ૪-૨-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મલાડ મુમુક્ષુ મંડળના ખજાનચી શ્રી રસીકલાલ હલસુખભાઈ ( વર્ષ-૬૧ ) તા. ૧૪-૨-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી સુમતિભાઈના મોટાભાઈ શ્રી સુંદરલાલ શીવલાલ શાહ ( વર્ષ-૪૭ ) ટ્રક-અકસ્માતથી તા. ૧૫-૨-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી (હાલ-બોરીવલી) શ્રી કીર્તિકાંત મણીલાલ ડગલી (વર્ષ-૫૪) શ્રી નંદીશ્વર-પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવમાં હોંશથી લાભ લેવા સોનગઢ આવેલા અને ઓચિંતા હાર્ટફેઈલ થવાથી તા. ૧૯-૨-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનિવાસી શ્રી કનકબાળા રતીલાલ કામદાર (તે શ્રી મનુભાઈ કામદાર શિહોરવાળાના બેન) (વર્ષ-૩૫) તા. ૨૦-૨-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી શ્રી જલુબેન હરગોવિંદદાસ ગોપાણી (વર્ષ-૮૮) તા. ૨૭-૨-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી કાનજીભાઈ લલ્લુભાઈ લાઠીવાળા (વર્ષ-૯૨) તા. ૨-૩-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૨૫ વર્ષોથી સતત સોનગઢ રહીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લીધો હતો.

* રાજકોટનિવાસી શ્રી રમેશચંદ્ર ધીરજલાલ શાહ (વર્ષ-૩૮) તા. ૨૨-૩-૮૫ ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિ વખતે તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* સોનગઢનિવાસી શ્રી જાદવજીભાઈ જેચંદભાઈ ટીમ્બડીયા (વર્ષ-૮૫) તા. ૨૩-૩-૮૫ના રોજ કલકત્તા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા વીસેક વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લીધો હતો.

* રાંચીનિવાસી (હાલ-સોનગઢ) શ્રી કાંતાબેન અનોપચંદ ખારા (તે બ્ર. શ્રી કોકીલાબેનના માતુશ્રી) (વર્ષ-૬૪) તા. ૨૪-૩-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. આત્મભાવનાની પુષ્ટિ અર્થે તેઓ છેલ્લા ઘણા સમયથી સોનગઢ રહેતા હતા.

* બરવાળાનિવાસી શ્રી ચંચળબેન છગનલાલ અજમેરા (વર્ષ-૮૫) તા. ૬-૪-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ૪૦ વર્ષ સોનગઢમાં રહીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

—સદ્‌ગત આત્માઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો; વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવનાને પુષ્ટ કરતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કાર બળે તેઓ વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

* અહો! એકવાર દેહ-છૂટવાના ટાણાનો વિચાર તો કરે! તો એને ખબર પડે કે અરે! આ તે શું રમતું છે! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં)!!

—પૂજ્ય ગુરુદેવશ્રી

# સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :—

## દક્ષિણ ભારતના મુમુક્ષુઓ તરફથી અત્યંત આનંદ ઉલ્લાસ સાથે ઉજવાયેલો ૯૬ મો

## * ગુરુ જન્મજયંતી મહોત્સવ *

પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આશિષામૃતવર્ષિણી મંગલછાયામાં ઉજવાયેલો આ સમારોહ વિશેષ હર્ષોલ્લાસપૂર્ણ તથા અનુપમ હતો. આ સમારોહને સફળ બનાવવા માટે જાણે પૂજ્ય બહેનશ્રીની 'ગુરુભક્તિ' મૂર્તરૂપ ધારણ કરીને ઉપસી આવી હતી. થોડા દિવસો પહેલાં ફાગણ માસમાં શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયના જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવના અવસર પર પૂજ્ય ગુરુદેવ તથા પૂ. બહેનશ્રીની પ્રત્યે શ્રદ્ધાભક્તિથી સમર્પિત હૃદયવાળા મુમુક્ષુ સમાજનો મોટો ભાગ સોનગઢ આવી ગયો હોવાથી, ગુજરાતરાજ્યમાં અનામત વિરોધી આંદોલન ચાલતું હોવાથી બહારનું વાતાવરણ બરોબર ન હોવાને કારણે આ સમારોહમાં મહેમાનોની ઉપસ્થિત બહુ ઓછી રહેશે એમ ધારવામાં આવેલું પરંતુ આવું અસ્થિર વાતાવરણ હોવા છતાં સૌરાષ્ટ્ર તથા અન્ય જુદાં જુદાં પ્રાંતોમાંથી લગભગ ૨૦૦૦ (બે હજાર) ગુરુભક્તિથી તરબોળ મુમુક્ષુઓ આ પાવન 'ગુરુજન્મજયંતી'નો લાભ લેવા માટે આવ્યા હતા.

ઉત્સવ ૧૮ મી થી ૨૨ મી એપ્રિલ—પાંચ દિવસ—રાખવામાં આવેલો. સવારે શ્રી ચોસઠઋદ્ધિમંડળવિધાન પૂજાના સમયે પરમાગમ મંદિર ભરાઈ જતું હતું, જેને જોઈને મુમુક્ષુઓ રોમાંચિત થઈને એવું અનુભવી રહ્યા હતા કે-કૃપાળુ પૂજ્ય ગુરુદેવે સાધનામાર્ગનો દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મ-ઉપદેશ તો આપ્યો જ છે, પરંતુ સાધના માર્ગની સાથે નિશ્ચય-વ્યવહારના સુમેળરૂપે વીતરાગ દેવ-ગુરુની અનુપમ ભક્તિ પણ શીખવી છે. ગુરુદેવની દેશના જ સતજ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિથી તરબોળ હતી. પૂજ્ય ગુરુદેવના ટેપ પ્રવચનમાં સવારે 'સમયસાર' તથા રાત્રે 'કલશટીકા' ચાલતા હતા. બપોરનાં ઉત્સવના પાંચેય દિવસો ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. શ્રી પ્રવિણભાઈ દોશી (રાજકોટ)એ સમયસારની ગાથા ૧૪૨ થી ૧૪૪ પર વિદ્વતાપૂર્ણ તથા ગુરુભક્તિથી ભીંજાયેલા હૃદયથી શાસ્ત્ર પ્રવચન આપ્યું હતું. રાત્રે પૂજ્ય ગુરુદેવના ટેપપ્રવચન પછી શ્રી હિંમતભાઈ ડગલીનું શાસ્ત્ર પ્રવચન થયું હતું. એક વાર શ્રી પ્રાણલાલભાઈ કામદારે પણ શાસ્ત્ર પ્રવચન આપ્યું હતું. ત્રણ દિવસ શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલયની પંચકલ્યાણકની તથા (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની) અધ્યાત્મરસપૂર્ણ તત્ત્વચર્ચાની વિડિયો દેખાડવામાં આવી હતી.

[ અનુસંધાન પાનું...૨૭ ]

# સોનગઢમાં વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણવર્ગ

પરીક્ષાનો સમય હોવાથી આ વર્ષે વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ ઉનાળાની રજાઓમાં તા. ૧૩–૫–૮૫ સોમવારથી તા. ૨૭–૫–૮૫ સોમવાર સુધી રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પંદર દિવસના શિક્ષણવર્ગમાં જઘન્ય, મધ્યમ અને ઉત્તમ ત્રણ વર્ગ રાખવામાં આવશે.

જઘન્યવર્ગમાં લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા અને છઢાળા,
મધ્યમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા અને બૃહદ્દ્રવ્યસંગ્રહ, તથા
ઉત્તમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા અને મોક્ષમાર્ગ પ્રકાશક (અધિકાર–૭)
પર શિક્ષણ આપવામાં આવશે.

મુમુક્ષુમંડળના બાળકોને અધ્યાત્મતત્ત્વપ્રધાન ધાર્મિક સંસ્કાર ઉપલબ્ધ થાય તે માટે પોતાના ગામના મુમુક્ષુઓના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા બધા મુમુક્ષુમંડળોને અનુરોધ છે.

સૂચના :–(૧) વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. (૨) પાઠ્ય-પુસ્તક (જો પોતાની પાસે હોય તો) તથા પોતાનું પાગરણ આદિ વિદ્યાર્થીઓ સાથે લાવે. (૩) રેડીયો કે ટેપરેકોર્ડર આદિ કોઈ કિંમતી વસ્તુ સાથે ન લાવે (૪) વિદ્યાર્થીએ પોતે આવવાની અગ્રિમ સૂચના પત્રથી જણાવવી.

પ્રબંધક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :–
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું) પીન : ૩૬૪૨૫૦

1877 A Shree Nayanaben H. Ajmera
Modi No. 2
opp. Shree Takies, Sita Burday
NAGPUR (M. S.)

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ